Part 10, chapter 2



## પ્રકરણ - (૨)

### નાયક - નાયિકા વ્યવહાર

નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિએ 'સામાન્ય અભિનય' ને લગતા અધ્યાયમાં તથા વૈશિક ઉપચાર અધ્યાયમાં નાયક તથા નાયિકા વચ્ચેના વ્યવહારો નિરુપ્યા છે. જુદી જુદી અવસ્થામાં નાયક-નાયિકાએ પરસ્પર કેવો અભિનય દાખવવો તે દર્શાવ્યું છે. જેમ કે અપરાધી નાયક સાથે નાયિકાએ કેવી રીતે વર્તવું રીસાયેલી નાયિકાને નાયકે કેવી રીતે મનાવવી વિગેરે. જો કે પ્રાચીન જીવન શૈલિથી સંપ્રત જીવન ઘણું પરિવર્તન પામ્યું હોવાથી, ભરતમુનિ નિરુપિત નાયક-નાયિકા વ્યવહારનું આ પ્રાચિન ચિત્ર, વર્તમાન જીવનમાં સંપૂર્ણ રીતે બંધ બેસતું થાય તેવું નથી પરંતું સ્ત્રીને પુરુષ વચ્ચે અમુક વ્યવહારો તો કોઇપણ કાળમાં એકજ પ્રકારના રહેવા સર્જાયેલા છે. તે કેવળ નાયક-નાયિકા વચ્ચેનાજ નહિ પણ સ્ત્રીપુરુષ વચ્ચેના સનાતન વ્યવહારો છે અને તેમાં માનવસ્વભાવનું પણ ઉંડું દર્શન રહેલું છે.

### સર્વ ભાવોનું મૂળ કામભાવ

ભરતમુનિએ ઇન્દ્રિય, ઇન્દ્રિયાર્થ તથા મન વિષયક ચર્ચાના ક્રમમાં જણાવ્યું છે કે '' સર્વ ભાવોની નિષ્પત્તિ 'કામ'માંથી થાય છે. ભાવ ઇચ્છા ગુણથી સંપન્ન થવાથી અગણિત રુપોમાં પરિકલ્પિત કરવામાં આવે છે. ધર્મકામ, અર્થકામ તથા શૃંગારકામ અને મોક્ષકામ જેવા અનેક રુપોમાં કામભાવનાં દર્શન થાય છે. ''

> પ્રાયેણ સર્વભાવાનાં કામાન્નિષ્પત્તિરિષ્યતે ।
> સ ચેચ્છાગુણસમ્પન્નો બહુધા પરિકલ્પિતઃ ॥ ૯૪ )
> ધર્મકામોઽર્થકામશ્ચ મોક્ષકામસ્તથૈવ ચ ।
>
> અધ્યાય ૨૪ શ્લોક ૯૪

ભાવ ઇચ્છાગુણથી સંપન્ન હોય છે. સર્વ ઇચ્છાત્મક ભાવ 'કામ' છે અથવા કામથી તેમની નિષ્પત્તિ માનવામાં આવી છે. આ કારણેજ ભરતમુનિએ ધર્મકામ, અર્થકામ તથા મોક્ષકામ

વિગેરે રુપોવાળા ભાવ પ્રસ્તુત કર્યા છે. તેનું કારણ છે પ્રવૃત્તિ, જે કામ સિવાય ધર્મ, અર્થ તથા મોક્ષની તરફ અભિમુખ થાય છે. કામ ભાવ સમસ્ત લોકમાં વ્યાપ્ત છે. તેથી નાટ્યમાં પણ કામની મુખ્યતા માનવામાં આવી છે. નાટ્યમાં માનવીય ભાવનાના આ સહજ રુપને ક્રિયા-પ્રતિક્રિયાઓ સાથે પૂર્ણરુપે યથાતથ નિરુપવામાં આવે છે. નાટ્ય તથા લોકજીવનની નિકટતાના આધારે ભરતમુનિએ કામની પ્રધાનતાનો સ્વીકાર કર્યો છે જે વ્યાવહારિક છે એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે.

સ્ત્રી તથા પુરુષના સંયોગને ભરતમુનિએ 'કામ' સંજ્ઞા આપી છે.

સ્ત્રીપુંસંયોગત યોગો યઃ સ તુ કામ ઇતિ સ્મૃતઃ ॥ ૯૫ ॥

(અધ્યાય ૨૪ શ્લોક ૯૫)

સુખદુ:ખાત્મક લોકજીવનમાં કામની પ્રબળતા રહે છે. કારણ કે વ્યસન અર્થાત વિપત્તિ અથવા દુ:ખમાં કામ સુખદાયક હોય છે.

સર્વસ્યૈવ હિ લોકસ્ય સુખદુ:ખ નિવર્હણ: ।<br>
ભૂયિષ્ટં દશ્યતે કામ: સ સુખં વ્યસનેષ્વપિ ॥ ૯૬ ॥

(અધ્યાય ૨૪ શ્લોક ૯૬)

સ્ત્રી તથા પુરુષનો સંયોગ રતિસંભોગકારક હોય છે. ઉપચારયુક્ત થવાથી તે શુભ એવા શૃંગારરસમાં પરિણમે છે.

યઃ સ્ત્રીપુરુષસંયોગો રતિસંભોગકારકઃ ।<br>
સ શૃંગાર ઇતિ જ્ઞેય ઉપચારકૃતઃ શુભઃ । ૯૭ ॥

( અધ્યાય ૨૪ શ્લોક ૯૬)

આમ ભરતમુનિએ કામ-ભાવની પ્રધાનતાનો સ્વીકાર કરી સ્ત્રી પુરુષના સંયોગને 'કામ' સંજ્ઞા આપી છે. ફ્રોયડ જેવા મનોવિશ્લેષણવાદના મહાન પ્રવર્તક પણ કામવૃત્તિની પ્રધાનતા પ્રતિપાદિત કરી છે.

ભરતમુનિએ નાયક-નાયિકા વચ્ચેના વ્યવહારનો 'કામ'ભાવના સંદર્ભમાજ મુખ્યત્વે વિચાર કર્યો છે.

## નાયિકા પ્રતિ વ્યવહાર

જાતિગત શીલના આધારે ૨૩ જેટલા નાયિકાભેદ નિરુપ્યા પછી ભરતમુનિ જણાવે છે કે '' સ્ત્રીઓ અનેક પ્રકારની (નાનાશીલાઃ) હોય છે જે સત્વ અનુસાર વિશિષ્ટ પ્રકૃતિ રાખે છે. નાયિકાની પ્રકૃતિ જોઇ તદાનુરુપ વ્યવહાર કરવો જોઇએ. કારણ કે નાયિકાની પ્રકૃતિને ઉપયુક્તયોગ્ય કરવામાં આવેલું નાનું કાર્ય પણ તેને અતિશય પ્રસન્નતા પ્રદાન કરે છે અને પ્રતિકૂળ સ્થિતિમાં નાયિકાની પ્રકૃતિ જાણ્યા વિના સમજ્યા વિના કરવામાં આવેલા મોટા મોટા ઉપાય તથા ઉત્તમ વ્યવહાર પણ તેમને પ્રસન્ન રાખી શકતા નથી.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૪૪-૧૪૫)

શારદાતનય પણ ભાવપ્રકાશનમાં વિધાન કરે છે કે -

વિજ્ઞાય ચ યથાસત્વમુપસર્પેત્તતો બુધઃ ।।

કોઇપણ સમજદાર વ્યક્તિએ (નાયકે) નાયિકાના સત્વને સમજી ને તે સત્વ અનુસાર તેની સાથે વ્યવહાર કરવો જોઇએ. (ભા.પ્ર.અધિકાર ૫/૫૯)

સત્વ અનુસાર કરવામાં આવેલો થોડો ઉપચાર પણ નાયિકાને હર્ષ પ્રદાન કરે છે. સત્વથી સર્વથા અનુપયુક્ત મહાન કર્મ પણ તેને સંતોષ આપતું નથી.

(ભા.પ્ર.અધિકાર ૫/૬૦)

ઉચિત વ્યવહાર તથા અભીષ્ટની પૂર્તિ દ્વારા જયારે નાયિકાને અનુકૂળ બનાવવામાં આવે ત્યારે તેનામાં રતિ ઉત્પન્ન થાય છે. સ્ત્રી અને પુરુષની પારસ્પરિક રતિ માટે વિવિધ ઉપચારો કરવામાં આવે છે. ધર્મને માટે મનુષ્ય તપસ્યા કરે છે અને સુખાર્થે ધર્મ આવશ્યક છે. આ સુખનું મૂળ પ્રમદા છે અને તેની સાથે સંભોગ સુખની પરાકાષ્ઠા છે જે વાંછિત છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૪૬-૧૪૭) એમ જણાવી ભરતમુનિ નાયિકા પરત્વેના કામોપચારના મુખ્ય ભેદ નિરુપે છે.

## કામોપચાર - ભેદ

નાટ્યધર્મના સંદર્ભમાં ભરતમુનિ બે પ્રકારના કામોપચારનો ઉલ્લેખ કરે છે.

(૧) બાહ્ય અને (૨) આભ્યન્તર.

કામોપચારો દ્વિવિધો નાટ્યધર્મેંઽભિધીયતે ।
બાહ્યશ્ચાભ્યન્તરશ્ચૈવ નારીપુરુષસંશ્રયઃ ॥ ૧૪૮ ॥
(અધ્યાય ૨૪ શ્લોક ૧૪૮)

બાહ્ય કામોપચાર વેશ્યાગત હોય છે અને તેથી તેનો પ્રયોગ 'પ્રકરણ' પ્રકારના રુપકભેદમાં કરવામાં આવે છે જ્યારે આભ્યન્તર કામોપચારનો વ્યવહાર રાજાઓ દ્વારા થાય છે અને તેનો પ્રયોગ 'નાટક' પ્રકારના રુપકભેદમાં કરવામાં આવે છે. (શ્લોક ૧૪૯) એમ જણાવી ભરતમુનિ 'કામતન્ત્ર' અનુસાર રાજાનો નાયિકા પરત્વેનો કામોપચાર નિરુપે છે.

રાજા દ્વારા કામોપચાર

ભરતમુનિના વિધાન અનુસાર કુલજા અથવા કન્યકા નાયિકાનો રાજોપચારમાં 'ઉપયોગ થતો નથી. તેજ પ્રમાણે 'બાહ્યા' નાયિકા અર્થાત વેશ્યાનો સંયોગ પણ રાજોપચારમાં બતાવવામાં આવતો નથી. રાજાનો આભ્યન્તર પ્રકૃતિમાં તથા સામાન્ય વ્યક્તિઓનો બાહ્ય (વેશ્યા) પ્રકૃતિમાં કામોપચાર બતાવવામાં આવે છે. રાજાનો દિવ્યાંગના (અપ્સરા કે જે સ્વર્ગની વેશ્યા છે) સાથેનો સંયોગ સારી રીતે પ્રદર્શિત કરી શકાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૫૩-૧૫૪)

રાજાનો દિવ્ય સ્ત્રી (અપ્સરા) સાથેનો સંયોગ કવિ કાલિદાસે 'વિક્રમોર્વશીય' નાટકમાં નિરુપ્યો છે.

શારદાતનયે ભાવપ્રકાશનમાં 'અધિક આદર સાથે કરવામાં આવેલા સત્કાર કર્મને 'ઉપચાર' સંજ્ઞા આપી 'શીલ પ્રમાણે નાયિકામાં રતિની વૃદ્ધિ માટે નાયકે ઉપચાર કરવો જોઇએ એમ જણાવ્યું છે. શારદાતનયે ત્રણ પ્રકારનો કામોપચાર માન્યો છે. (૧) વેશ્યા (૨) કુલજા તથા (૩) અન્યા (પરકીયા) (ભા.પ્ર. ૫/૬૧-૬૨)

કુલીન તથા વેશ્યા વિગેરે નાયિકાઓના વાસ, અંગરાગ, આભરણ, માળા, શય્યા તથા આસન વિગેરે સાધારણ ઉપચાર હોય છે. કુલાંગનાઓનો ઉપચાર સત્ય તથા સરળતાપુર્વક હોય છે, પરકીયા નાયિકાઓમાં ઉપચાર અવસ્થા, દેશ તથા કાળ વિગેરેની

પ્રધાનતાથી રહે છે 'વેશ્યા' આશ્રિત ઉપચાર પ્રાર્થના તથા અનપરાધ વિગેરેની પ્રધાનતાથી હોય છે. (ભા.પ્ર. ૫ /૬૨-૬૩ )

## ' કામના ત્રિવિધ ભેદ '

નાયક-નાયિકામાં અનેક કારણોથી ઉદ્ભવતા 'કામ'ના ત્રિવિધ ભેદ ભરતમુનિએ નિરુપ્યા છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) અધમ. ભરતમુનિએ તેનાં લક્ષણો નિરુપ્યા નથી.

શારદાતનયે ભાવપ્રકાશનમાં કામના ત્રણ ભેદ સ્વીકાર્યા છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ અને (૩) અધમ. આ ત્રિવિધ કામભેદના લક્ષણો પણ તેમણે નિરુપ્યાં છે.

જ્યારે પહેલાં નાયિકા, નાયક પ્રતિ અનુરક્ત થાય અને પછી નાયક, નાયિકા પરત્વે અનુરક્ત થાય છે તો તે સ્વભાવથી સુંદર સંભોગ હોય છે અને તે 'ઉત્તમ' કામ કહેવાય છે. જ્યારે નાયક-નાયિકા વચ્ચે એકજ સમયે પરસ્પર અનુરક્તિ થાય છે તો તે 'સંભોગ લીલા' હોય છે અને 'મધ્યમ' કામ કહેવાય છે. જ્યારે નાયક-નાયિકા એક સાથે અનુરંજિત થાય છે અને હાસ્યાસ્પદ હોય છે અને તે 'અધમ' કામ કહેવાય છે.
( ભા.પ્ર. ૫/૬૫ થી ૬૭ )

## કામનો ઉદ્ભવ

ભરતમુનિ જણાવે છે તેમ (ગુણોના) શ્રવણથી (રુપના) દર્શનથી, લલિત ચેષ્ટાઓ નિહાળવાથી, ક્રીડાઓ જોવાથી, મધુર સંભાષણ સાંભળવાથી કામનો ઉદ્ભવ થાય છે. (શ્લોક ૧૫૭). તજજ્ઞોએ નાયક અને નાયિકામાં એક બીજાના સંયોગ માટે ઉત્સુક બનતાં જે કામજ લક્ષણો અથવા ચેષ્ટાઓ ઉદ્ભવે છે તે જાણી લેવી જોઇએ. (શ્લોક ૧૫૮)

## કામાતુર નારીનાં લક્ષણો અને અભિનય

કોઇ યુવા નાયકને સુંદર અને ગુણવાન, કલા-વિજ્ઞાન-યૌવનથી યુક્ત જોવાથી નાયિકા / નારી કામાતુર બને છે. કામાતુર નારીની આ પ્રથમ મદનાતુર અવસ્થાનું નિરુપણ કરવા માટે 'કાન્તા' દૃષ્ટિનો વિનિયોગ કરવો જોઇએ. જેમાં આંખો લાલિત્યપૂર્ણ રીતે ખિલેલી, અશ્રુથી ભરેલી, અને પોપચાં ફરકતા હોય, અર્ધ અવલોકન કરતી વેળા

'લલિતા' દૃષ્ટિ યોજવી જોઇએ જેમાં આંખોના ખૂણા ફરકતા હોય અને દૃષ્ટિ લાલિત્યપૂર્ણ અને વિવિધ ભાવોની અભિવ્યક્તિ સાધનારી હોય. 'કામ'ના ઉદ્ભવની પ્રથમાવસ્થામાં અવાજ ઉત્તેજિત થઇ જાય છે, ચહેરો પરસેવાથી ભીંજો થઇ જાય છે તથા શરીર રોમાંચિત થઇ જાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૫૯ થી ૧૬૨)

## કામાતુર વેશ્યાનાં ઇંગિતો

કામાતુર વેશ્યાનાં ઇંગિતો ભરતમુનિ આ પ્રમાણે નિરૂપે છે.

'' વેશ્યા નાયિકા જ્યારે કટાક્ષપૂર્ણ દૃષ્ટિથી જોવા લાગે, પોતાનાં આભૂષણોને વારંવાર સ્પર્શે, કાન ખંજવાળવા લાગે, પગ અથવા હાથના અંગૂઠાથી જમીન ખોતરવા માંડે અને કોઇપણ બહાને નાભિપ્રદેશ તથા સ્તનપ્રદેશ દર્શાવે તો તેને કામાતુર (મદનાતુર) સમજવી.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૬૩-૧૬૪)

શારદાતનય 'ભાવપ્રકાશન'માં કામાતુર વેશ્યાનાં ઇંગિતો નિરૂપતાં જણાવે છે કે વેશ્યા નાયિકા કાન ખંજવાળે છે, નાભિ તથા ઉરુ કિંચિત પ્રકાશિત કરે છે, સ્તન-મર્દન કરે છે, નીવી ખોલે છે, અન્ય વાતના બહાને અન્યની સાથે હસીને બોલે છે, લજ્જાપૂર્વક જુએ છે, અંગૂઠાથી લખે છે, નખ સાફ કરે છે, સખીઓ જ્યારે કેલિ કરે ત્યારે તેમની ખોટી ભર્ત્સના કરે છે, થોડાં ડગલાં ચાલી કોઇપણ બહાને અટકી જાય છે, દેવતાના બહાને હાથ જોડે છે. આ બધા ઇંગિતો વેશ્યાની કામાતુર અવસ્થા સૂચવે છે.

(અધિકાર ૫ / શ્લોક-૬૯)

## કામાતુર કુલજાનાં ઇંગિતો

કુલજા નાયિકાના કામાતુર થવાના ઇંગિતો નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે 'કુલજા નાયિકા કામાતુર બને ત્યારે તે ખિલતાં નયનોથી વારંવાર જુએ છે, ગૂઢભાવથી સ્મિત વેરે છે, મસ્તક નમાવી સંભાષણ કરે છે, સસ્મિત વાત કરે છે, સ્વેદ અને આકાર છૂપાવે છે, તેના હોઠ ફરકવા માંડે છે તથા ચકિત થઇ નિહાળે છે. ''

(અધ્યાય ૨૪ શ્લોક ૧૬૫ થી ૧૬૭)

કામાતુર કુલજાનાં ઈંગિતો શારદાતનય ભાવપ્રકાશનમાં આ પ્રમાણે નિરુપે છે.

'' સર્વપ્રથમ દુરથીજ લક્ષણાન્વિત નાયકને જોઇને કુલજા (કુલીન) નાયિકાને રોમાંચ થાય છે, આંખો પ્રેમથી છલકે છે અને કોમળ બની જાય છે, અધર ફરકવા માંડે છે, પુછીએ ત્યારે હસીને જવાબ આપે છે, કપોલ-પ્રદેશ ઉપર પરસેવાના ટીપાં બાઝે છે, જંઘાઓ પરસ્પર એક બીજાને મસળે છે, અંગોને ભુજાઓની સ્વસ્તિક મુદ્રામાં બાંધે છે, વારંવાર સખીને આલિંગે છે, તેના શરીર ઉપર પોતાનું શરીર પડતું મુકે છે, ખુલી ગયેલી નીવી બાંધે છે, તેના માર્ગમાં ઉભા રહેવાથી કંપે છે, બોલવાથી ચૂપ થઇ જાય છે, જોવાથી દૃષ્ટિ ફેરવી લે છે. આ બધા ભાવો કુલીન નાયિકાની કામાતુર અવસ્થા ઈંગિત કરે છે.''

( અધિકાર (૫) શ્લોક ૬૮ )

## નાયિકાની વિવિધ કામદશા

રતિજન્ય સુખથી વંચિત નાયિકા પોતાની અવસ્થા દશ કામદશાઓ દ્વારા પ્રગટ કરે છે એમ જણાવી ભરતમુનિ આ દશ કામદશાઓ આ પ્રમાણે નિરુપે છે. (૧) અભિલાષ (૨) ચિન્તા (૩) અનુસ્મૃતિ (૪) ગુણકીર્તન (૫) ઉદ્વેગ (૬) વિલાપ (૭) ઉન્માદ (૮) વ્યાધિ (૯) જડતા તથા (૧૦) મરણ. આ દશ દશાઓ નાયક-નાયિકામાં સમાનરૂપથી ઉદ્ભવે છે એમ જણાવી ભરતમુનિ આ દશ કામદશાના ક્રમશઃ લક્ષણ નિરુપે છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૧૬૮ થી ૧૭૧)

આ દશ કામદશાઓના નિરુપણમાં ભરતમુનિ પ્રથમ કામદશાનું લક્ષણ અને પછી તેના અનુભાવો નિરુપે છે.

શારદાતનય ભાવપ્રકાશનમાં અનુરક્ત નાયક-નાયિકા વચ્ચે ઉપચારોથીજ થતા સંયોગમાં (અયોગ શૃંગારમાં) કામની દશથી બાર અવસ્થા હોવાનું જણાવે છે. ભરતમુનિએ નિરુપેલી દશ કામ અવસ્થાઓ ઉપરાંત અન્ય બે કામ અવસ્થાઓ શારદાતનયે ગણાવી છે. (૧) ઇચ્છા અને (૨) ઉત્કંઠા જે ભરતમુનિ નિરુપિત પ્રથમ કામદશા 'અભિલાષ' પૂર્વે સંભવે છે. તેના લક્ષણો આ પ્રમાણે છે.

( ૧ )

ઇચ્છા

શારદાતનયના મત પ્રમાણે રતિની ગુણસંપત્તિથી આંખો મિલાવવી અને મનના સ્પન્દનોની એકાગ્રતા ઇચ્છા કહેવાય છે. (અધિકાર ૫/૮૩)

( ૨ )

ઉત્કંઠા

શારદાતનયના મત પ્રમાણે જ્યાં બધી ઇન્દ્રિયોના સુખનો આસ્વાદ માણવામાં આવે છે, સંકલ્પ સહિત તેની પ્રાપ્તિની ઇચ્છા ઉત્કંઠા કહેવાય છે. મનમાં 'સખિ'નો સંકલ્પ કરવો, નાયકની પ્રતીક્ષા કરવી, અંગ-ગ્લાનિ, મનની અનુરક્તિ, મનોરથનું ચિન્તન, ધ્રુજતાવાળો હાથ ઉપર કપોલ ટેકવવું, પ્રસન્ન મુખરાગ, ઉષ્ણ સ્વેદ, ગદ્-ગદ્ વાણી - ભાવજ્ઞોએ કહેલાં 'ઉત્કંઠાના આ અનુભવો છે. (અધિકાર ૫/૮૪)

નાટ્યશાસ્ત્ર, દશરુપક તથા સાહિત્યદર્પણમાં અભિલાષથી મરણ સુધીની ૧૦ કામદશાઓ નિરુપવામાં આવી છે. શારદાતનયે આ દશ અવસ્થાઓ પૂર્વે ઇચ્છા તથા ઉત્કંઠા કામદશાઓ જોડી દીધી છે. આ ઉપરાંત કામસૂત્ર વિષ્ણુધર્મોત્તરપુરાણ, સરસ્વતી કંઠાભરણ તથા પ્રતાપરુદ્રીયમાં આ નામોને સ્થાને ચક્ષુપ્રીતિ, મનઃસંગ, નિદ્રાભંગ, તનુતા, વ્યાવૃત્તિ, લજ્જાનાશ, ઉન્માદ, મૂર્છા તથા મરણ નામો રાખી નવીનતા આણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રતાપરુદ્રીયમાં પ્રલાપ તથા સંજ્વરનો ઉમેરો કરી કામદશાઓની સંખ્યા ૧૨ ની કરી આપવામાં આવી છે.

**--અભિલાષ--**

( અ )

અભિલાષનાં લક્ષણો :

'અભિલાષ' - આ પ્રથમ કામદશાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે

'' સંકલ્પ તથા ઇચ્છાને કારણે ઉત્પન્ન થનાર, પ્રિય પ્રાપ્તિના સમાગમના ઉપાયને પૂર્ણ કરવા માટેનો પ્રથમ માનસિક ઉદ્યમને 'અભિલાષ' કહે છે જે મિલન માટે પ્રોત્સાહિત કરે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૨)

'દશરુપક' અનુસાર સર્વાંગ સુંદર પ્રિયતમને જોવાથી અથવા તેના ગુણો સાંભળવાથી તેને પ્રાપ્ત કરવાની થતી ઇચ્છાને 'અભિલાષ અયોગ અવસ્થા' કહેવામાં આવે છે. નાયિકામાં અભિલાષ ત્યારે જન્મે છે જ્યારે તે નાયકનાં દર્શન નીચે દર્શાવેલ કોઇપણ પ્રકારે કરે છે. (૧) સાક્ષાત્કાર દ્વારા (૨) ચિત્ર જોઇને (૩) સ્વપ્નમાં (૪) છાયા (૫) માયા દ્વારા ગુણનું શ્રવણ (૧) સખી દ્વારા (૨) વંદીજન દ્વારા (૩) નાયક વિષયક શ્લાઘ્ય ગુણવર્ણન દ્વારા કરે ત્યારે અભિલાષ જન્મે છે. (૪/ શ્લોક ૫૩ અને ૫૪)

સાહિત્યદર્પણ અનુસાર ઇચ્છાનું નામ અભિલાષ છે, આ કામદશા વિપ્રલંભ શૃંગારમાં ઉદ્ભવે છે. (તૃતીય પરિચ્છેદ / શ્લોક ૧૯૦ )

શારદાતનયના મતે સંકલ્પ તથા ઇચ્છાથી ઉત્પન્ન વ્યવસાયથી પૂર્વે જે તેના સમાગમના ઉપાય છે તે 'અભિલાષ' કહેવાય છે. (ભા.પ્ર.અધિકાર ૪ /શ્લોક ૮૫)

'નાટક લક્ષણ રત્નકોશ' અનુસાર કોઇ સુંદર નાયકના સૌંદર્યને જ્યારે નાયિકા પહેલીવાર જુએ છે ત્યારે તેના હૃદયમાં 'અભિલાષ' ઉત્પન્ન થાય છે.

(ના.ર.લ.કો.પૃ. ૨૩૨)

( બ )

<u>અભિલાષના અનુભાવો :</u>

'અભિલાષ' - આ પ્રથમ કામદશાનો અભિનય કેવી રીતે કરવો તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે '' પ્રિયસ્થાને વારંવાર જવું અથવા જઇને બહાર આવવું તથા દૃષ્ટિમાં વારંવાર અનુરાગનો ભાવ પ્રગટ કરવો.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૩)

શારદાતનયે 'અભિલાષ'ના અનુભાવો નીચે પ્રમાણે વર્ણવ્યા છે.

'' વારંવાર અંદર પ્રવેશ કરવો, વારંવાર માર્ગે નિકળવું, નાયકની દૃષ્ટિ

અનુસાર કામચેષ્ટાઓ કરવી, જાતને શણગારવી, ક્યાંક એકલા બેસી રહેવું વિગેરે અનુભાવ છે. (અધિકાર ૪ / શ્લોક ૮૬)

દશરુપક અનુસાર 'અભિલાષ' ઉત્પન્ન થાય ત્યારે નાયિકામાં વિસ્મય, આનંદ અને ભય આ ત્રણ અનુભાવો હોય છે. ( ૪ / ૫૩ )

'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર આ દશામાં નાયિકાનું શરીર સ્વેદપૂર્ણ બની જાય છે. તે રોમાંચિત થઇ ઉઠે છે તથા એટલી બધી તન્મય થઇ જાય છે કે પાસે ઉભેલી સખીને પણ જોઇ શકતી નથી, પુછવામાં આવે ત્યારે યોગ્ય ઉત્તર આપતી નથી તથા લજ્જાવશ જમીન ખોતરતા ખોતરતા પોતાના મનની વાત ધીરે ધીરે કહે છે. (પૃ. ૨૩૨)

## ચિન્તા

(અ)

**લક્ષણો :**

'' ચિન્તા'' - આ દ્વિતિય કામદશાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે 'કયા ઉપાયોથી ઇષ્ટતમ વ્યક્તિની પ્રાપ્તિ થાય ?' દૂતીને આ વાત નિવેદિત કરવી તે 'ચિન્તા' નો નિર્દેશ કરે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૪)

દશરુપકમાં ચિન્તાને વ્યભિચારી ભાવ ગણી તેનાં વિભાવ, અનુભાવોને 'ચિન્તા અયોગ અવસ્થા'ના વિભાવ, અનુભાવ ગણવામાં આવ્યા છે. (૪/૫૫) નાટકલક્ષણરત્નકોષ અનુસાર નાયિકામાં અભિલાષ ઉત્પન્ન થયા પછી ચિન્તા જન્મે છે. (ના.લ.ર.કો.ચૌખમ્બા પૃ. ૨૩૩

સાહિત્યદર્પણ અનુસાર પ્રાપ્તિના ઉપાય વિગેરે શોધવા 'ચિન્તા' કહેવાય છે. - (તૃતીય પરિચ્છેદ / શ્લોક ૧૯૦ )

શારદાતનયના મતે 'કયા ઉપાયથી નાયકની પ્રાપ્તિ થાય ? તે મારો કેવી રીતે બને ? તે શું કહેશે ? દૂત વિગેરે મોકલું ? તેનું શું પ્રયોજન ? - હૃદયમાં ઉદ્ભવતા આ તર્કવિતર્ક ચિન્તા કહેવાય છે. (ભા.પ્ર.અધિકાર ૪ / શ્લોક ૮૭)

( બ )

**અનુભાવો :**

'' ચિન્તા'' - આ દ્વિતીય કામદશાનો અભિનય કેવી રીતે કરવો તેની

ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે ''અર્ધખુલી આંખો વડે 'આકેકર' દૃષ્ટિથી જોવું. 'વલય તથા રશના પરામર્શવી 'અર્થાત કડા ઉપર તથા કંદોરા ઉપર હાથ જવો, નીવી તથા નાભિ સ્પર્શવી '' (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૫)

શારદાતનયના મતે 'મેખલા વિગેરે બાંધવી, હાથથી પકડવી, ઉરુ અને નાભિ સ્પર્શવી, ખુલી ગયેલી નીવી બાંધવી, બહાર ન આવેલા આંસુથી ભરેલી આંખો, અર્ધ નિમીલિત કનીનિકા (કીકી), અંદર-બહાર આગળ પાછળ નિરાશ્રિત જોવું વિગેરે કામજન્ય અનુભાવો છે.
(અધિકાર ૪ / ૮૮ )

'નાયકલક્ષણરત્નકોશ' અનુસાર ચિન્તાની દશામાં નાયિકા વિચારે છે કે 'મને જોઇને એના મનમાં આવા વિચારો આવતા હશે કે નહિ ? મુજ મંદભાગિણીને તેણે જોઇ હશે કે નહિ ? '' નાયિકા , નાયકનું મન જાણવા તથા પોતાની અવસ્થા જણાવવા કલાપૂર્ણ રીતે વિનયપૂર્વક પ્રેમપત્ર પાઠવે છે. (પૃ. ૨૩૩)

## અનુસ્મૃતિ

( અ )

લક્ષણો :

'અનુસ્મૃતિ' - આ તૃતીય કામદશાનું લક્ષણ નિરુપતા ભરતમુનિ જણાવે છે કે '' વારંવાર નિઃશ્વાસ છોડવો, પ્રિયતમની ચિન્તામાં મન પરોવાયેલું રહેવું અને તેથી અન્ય કોઇ કામમાં ચિત્ત ન લાગવું વિગેરે 'અનુસ્મૃતિ' દશા ઇંગિત કરે છે.''
(અધ્યાય ૨૪ શ્લોક ૧૭૬)

દશરુપક અનુસાર 'સ્મૃતિ' નામના વ્યભિચારી ભાવના જે વિભાવો અને અનુભાવો છે, તે અનુસ્મૃતિ નામની અયોગ અવસ્થાના પણ છે. (૪/૫૫) 'નાયકલક્ષણરત્નકોશ' અનુસાર પોતાના પ્રિયતમના અનુકૂળ સ્વરુપને યાદ કરવાથી 'અનુસ્મરણ' દશા ઉદ્ભવે છે. (પૃ. ૨૩૪)

સાહિત્યદર્પણમાં 'સ્મૃતિ' કામદશાનો ઉલ્લેખ છે પણ લક્ષણ મળતું નથી.

શારદાતનયના મતે દેશ તથા કાળ પ્રમાણે સુખ દુઃખ વિગેરે ભાવ તથા અનુભૂય દુરાચારો મન જોડે વિચાર વિમર્શ કરે તે સ્મૃતિ કહેવાય છે. (ભા. પ્ર. અધિકાર ૪/શ્લોક ૮૯)

( બ )

**અનુભાવો :**

'' અનુભૂતિ' - આ તૃતીય કામદશાનો અભિનય કેવી રીતે કરવો તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે ' આ દશામાં ચિત્ત પ્રિયતમમાં નિમગ્ન રહેવાને લીધે ન બેસવા-ઉઠવામાં, ન સૂવામાં, ન કોઇ કાર્યમાં શાંતિ રહેવાને લીધે (વિહસ્તા) મન ક્યાંય ન લાગવું (એવો ભાવ દર્શાવવો જોઇએ) (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૭)

શારદાતનયના મત પ્રમાણે ધ્યાન ધરવું, શ્વાસ લેવો, દ્વેષ કરવો, અન્ય કાર્યોની નિંદા કરવી, ઉપવાસ કરવા, સૂવું નહિ, ક્યાંય પ્રેમ પ્રાપ્ત ન કરવો - આ સ્મૃતિથી ઉત્પન્ન અનુભાવો છે. (ભા.પ્ર. ૪ /૯૦ )

'નાટકલક્ષણરત્નકોશ' પ્રમાણે આવી દશામાં સર્વ સાંસારિક સુખોથી વિરતી તથા આવશ્યક અથવા દૈનિક કાર્યકલાપો પરત્વે ઉત્સાહહીનતા રહે છે તથા હૃદય કિંકર્તવ્યવિમૂઢ થઇ જાય છે. ( પૃ.૨૩૪)

## ગુણકીર્તન

( અ )

**લક્ષણો :**

'ગુણકીર્તન' - આ ચોથી કામદશાનું લક્ષણ નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે '' અંગોની લીલાપૂર્ણ ચેષ્ટાઓ સાથે હસવું, જોવું, વિગેરે દ્વારા પ્રિયની એવી રીતે અભિવ્યક્તિ કરવી કે તેની સમાન અન્ય કોઇ સંભવી જ ન શકે તે ગુણકીર્તન કહેવાય અર્થાત્ પોતાના પ્રિયતમને તોલે કોઇ ન આવે એવો ભાવ વ્યક્ત કરતી અંગોની લીલાપૂર્ણ ચેષ્ટાઓ દ્વારા હસવું જોવું તે ગુણકીર્તન.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૮ )

દશરૂપક અનુસાર ગુણકીર્તન અયોગ અવસ્થા સ્વતઃ સ્પષ્ટ હોવાથી તેનું લક્ષણ નિરૂપવાની આવશ્યકતા નથી. (૪/૫૫) 'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર 'બધા કામ છોડી સખીઓ આગળ પ્રિયના ગુણ ગાવાં તેને ગુણકીર્તન કહે છે. ( પૃ. ૨૩૪)

સાહિત્યદર્પણમાં ગુણકીર્તન કામદશાનો ઉલ્લેખ છે પણ લક્ષણ નિરુપવામાં આવ્યું નથી.

શારદાતનયના મતે રુપ, ઉદારતા વિગેરે ગુણોથી યુક્ત, લીલા, ચેષ્ટા, હસિત વિલાસથી યુક્ત, સૌંદર્ય, મધુર ભાષણથી યુક્ત નાયકની સમાન અન્ય કોઇ પુરુષ નથી એવી વાણી ગુણસ્તુતિ કહેવાય છે. (ભા.પ્ર. ૪/૯૧)

( બ )

અનુભાવો :

ગુણકીર્તન - આ ચોથી કામદશાનો અભિનય કેવી રીતે કરવો તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે 'રોમાંચ, અશ્રુ તથા પરસેવો લુછવો તથા દૂતીને મિલન માટે વિશ્વાસપૂર્વક કથન સાથે પ્રેષિત કરવી વિગેરે ક્રિયાઓ દ્વારા આ ચોથી અવસ્થાનો અભિનય કરવો જોઇએ.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૭૯ )

શારદાતનયના મતે ગુણોનો આદર કરવો, ભાવઅન્યતરને ઇચ્છાનુસાર જોવો, રોમાંચ-ગદ્ગદ્ વાણી બોલવી, કપોલ પ્રદેશમાં પરસેવો થવો, દૂતી દ્વારા કહેવામાં આવેલા વિશ્વસનીય કથન, નાયકના સમાગમનું ચિંતન, - આ ગુણકીર્તન જન્ય અનુભાવો છે. (ભા.પ્ર. ૪/૯૨ )

'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર સખીઓ આગળ નાયકના વખાણ કરવા તે આ દશાના અનુભાવો છે. (પૃ. ૨૩૪)

ઉદ્વેગ

( અ )

લક્ષણો :

'ઉદ્વેગ' - આ પાંચમી કામદશાનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે '' જેને બેસવા-સુવા છતાં પણ હર્ષ અને સંતોષ ન થાય અને પોતાના ઇષ્ટ પરત્વે સદા ઉત્સુકતા રહે તો તેને ઉદ્વેગ દશા સમજવી જોઇએ.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૦ )

દશરુપક અનુસાર 'ઉદ્વેગ' નામના વ્યભિચારી ભાવના જે વિભાવ અને અનુભાવો છે તે ઉદ્વેગ અવસ્થા દશાના પણ ગણી શકાય (૪/૫૫) 'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર

અતિશય પ્રયત્નો પછી પણ પ્રિયમિલન ના થાય ત્યારે ઉદ્વેગ જન્મે છે. (પૃ. ૨૩૫)

સાહિત્યદર્પણમાં ઉદ્વેગ કામદશાનો ઉલ્લેખ છે પણ લક્ષણ મળતું નથી.

શારદાતનયના મતે ક્રોધ, શોક તથા ભય વિગેરેથી ઉત્પન્ન મન:કંપન-મનનું કાંપવું ઉદ્વેગ કહેવાય છે. (ભા.પ્ર. ૪/૯૩)

( બ )

<u>અનુભાવો :</u>

'ઉદ્વેગ' - આ પાંચમી દશાના અભિનય અંગે ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે '' ચિન્તા, નિ:શ્વાસ, ખેદ, હૃદયની પીડા તથા અતિશય ઉદ્વેગ દ્વારા આ ઉદ્વેગ દશાનો અભિનય કરવો જોઈએ. (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૧)

શારદાતનયના મતે નિ:શ્વાસ, ઊંઘમાંથી ઉઠી જવું, ચિન્તા, સ્તંભ, વૈવર્ણ્ય, અશ્રુ, શય્યા આસનમાં મન ન લાગવું, હૃલ્લેખ, દીનતા વિગેરે ઉદ્વેગથી ઉત્પન્ન અનુભાવો છે.

( ભા.પ્ર. ૪/૯૩)

'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર આ દશામાં ચન્દ્ર, ચન્દન, સુધા મંદિર અર્થાત ઉત્તમ સદન તથા કમળ વિગેરેની સુંદરતા પણ ગમતી નથી અને મનમાં અતિશય અસ્થિરતા અને ગભરામણ રહે છે. ( પૃ. ૨૩૫)

## <u>વિલાપ</u>

( અ )

<u>લક્ષણો :</u>

'વિલાપ' - કામની આ છઠ્ઠી અવસ્થાનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. '' તેઓ અહીં રહેતા હતાં, અહીં બેસતા હતાં, અહીં મને મળતા હતાં વિગેરે વચનો કહેતાં કહેતાં રડવું તેને 'વિલાપ' દશા સમજવી જોઈએ.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૨)

દશરુપક અનુસાર વિલાપ વ્યભિચારીભાવના વિભાવ અને અનુભાવો 'વિલાપ અયોગ અવસ્થા'ને પણ લાગુ પાડી શકાય છે.

સાહિત્યદર્પણ અનુસાર ચિત્ત બહેર મારી જવાથી અટપટી વાતો કરવી 'પ્રલાપ' કહેવાય છે. (સા.દ. ૩/૧૯૦ )

શારદાતનયના મત પ્રમાણે 'અહીં જોયું હતું, અહીં આલિંગન કર્યું હતું, અહીં આવ્યા હતાં, અહીં થોભ્યા હતા, અહીં આરામ કર્યો હતો, અહીં સુઇ ગયા હતાં, અહીં શ્રૃંગાર કર્યો હતો,'એવા વાક્યો 'પ્રલાપ' કહેવાય છે. (ભા.પ્ર. ૪/૯૪)

( બ )

<u>અનુભાવો :</u>

'વિલાપ' - આ છઠ્ઠી કામદશાનો અભિનય કેવી રીતે કરવો તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે ( આ દશામાં) રડનારી નાયિકા અતિશય ઉદ્વિગ્ન રહે છે તથા પોતાના ઇષ્ટ પરત્વે ઉત્સુક રહે છે તેમાં અહીં' તહીં ભ્રમણ કરતા વિલાપ દશાનો અભિનય કરવો જોઇએ. ( અધ્યાય ૨૪ શ્લોક ૧૮૩)

શારદાતનયના મતે નાયિકા અંદર-બહાર, આગળ-પાછળ, દૂરથી, પાસેથી ક્યાંક જુએ છે, ક્યાંક જાય છે, ક્યાંક થોભે છે, ક્યાંક બેસી પડે છે, ક્યાંક સુઇ જાય છે, ક્યાંક નિંદા કરે છે, પ્રસન્ન થાય છે, અહીંથી તહીં ગલીમાં બૂમો પાડે, ઘૂમે છે, દોડે છે - વિગેરે વિલાપજન્ય અનુભાવો છે. (ભા.પ્ર. ૪/૯૭)

'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર જ્યારે નાયિકા નાયકને પહેલીવાર જોઇ લજ્જાવશ અથવા પરિચય ન હોવાથી વિશ્વાસ ન મુકવાને કારણે જે વાત ન કહી શકાય તે વારંવાર યાદ આવવાથી હૃદય સંતપ્ત થઇ જાય છે અને તેને વિ(પ્ર)લાપ કહે છે.

(પૃ. ૨૩૫)

<u>ઉન્માદ</u>

( અ )

<u>લક્ષણો :</u>

'ઉન્માદ' નામની સાતમી કામદશાનું લક્ષણ વર્ણવતા ભરતમુનિ કહે છે કે કેવળ પોતાના ઇષ્ટ વિષે વાતચીત કર્યા કરવાથી અથવા તેનામાંજ ધ્યાન પરોવાયેલું

રહેવાથી અન્ય વ્યક્તિઓ પરત્વે વિરાગ જન્મે અથવા દ્વેષભાવ જન્મે તો તેને લીધે 'ઉન્માદ' દશા ઉદ્ભવે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૪)

દશરુપક પ્રમાણે ઉન્માદ વ્યભિચારી ભાવના વિભાવ તથા અનુભાવો 'ઉન્માદ અયોગ અવસ્થા'ના ફળ હોય છે. (૪/૫૫) નાટકલક્ષણરત્નકોશ અનુસાર ઘણાં દિવસો સુધી આમ અનેક કષ્ટ સહન કરવાને લીધે મસ્તક વિપરીત થઇ જાય છે તેથી ઉન્માદ જન્મે છે. (પૃ.૨૩૭) સાહિત્યદર્પણ અનુસાર જડ-ચેતનનો વિવેક ન રહેવો ઉન્માદ કહેવાય છે. ( સા.દ.૩/૧૯૦)

શારદાતનયના મતે અન્ય વસ્તુમાં અન્ય વસ્તુ ગ્રહણ કરવી (અર્થાત વિવેક ન રહેવો) તે વિરહથી ઉત્પન્ન 'ઉન્માદ' કહેવાય છે. (ભા.પ્ર.૪/૯૬)

( બ )

અનુભાવો :

'ઉન્માદ' કામદશાના અભિનય સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે '' આ દશાના નાટ્ય પ્રદર્શનમાં અનિમિષ પલકે જોયા કરવું, લાંબો નિ:શ્વાસ મૂકવો, ધ્યાન ધરવું અને વિહાર કરતી વેળા રડવું વિગેરે દ્વારા અભિનય કરવો જોઇએ.''
(અધ્યાય ૨૪ શ્લોક ૧૮૫)

શારદાતનયના મત પ્રમાણે બધા અવસ્થાઓમાં સર્વત્ર, સર્વથા, સર્વદા, મન તદ્ગત નાયકના કથનની પ્રસન્નતામાં પોતાના ઇષ્ટજનોથી તથા અન્ય જનોથી દ્વેષભાવ દાખવવો, વારંવાર દીર્ઘશ્વાસ લેવો, લાંબા સમય સુધી તાકી રહેવું, વિહારકાળમાં રડવું, ચીસો પાડવી, ક્ષણભર ધ્યાન ધરવું, ગીત ગાવું, સ્વાદ લેવો, હસવું, સ્તુતિ કરવી, મોહિત થવું વિગેરે નાટ્યવિદોએ જણાવેલા ઉન્માદજન્ય અનુભાવો છે. (ભા.પ્ર.૪/૯૭) 'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર આ અવસ્થામાં નાયિકા વિના કારણ રડે છે, ઊંઘ ન આવતી હોવા છતાં સૂઇ જાય છે, પ્રસન્ન ન હોવા છતાં હસે છે, ક્રોધ ન હોવા છતાં ઊઠી જાય છે, અને કલ્પનાની પીંછીથી પ્રિયતમનું ચિત્ર દોરી નિહાળે છે.

મિલનાતુર બની આકાશમાં હાથ પ્રસારે છે. નીલકમલ જેવી આંખોમાંથી આંસુ ટપકે છે. પોતાના પ્રિયતમને ભોળાભાવે ચાતુર્ય અને અંગભંગિમાઓથી યુક્ત સ્નેહપૂર્ણ વચનો દ્વારા ઉપાલંભ આપે છે. ( પૃ. ૨૩૭)

## વ્યાધિ

( અ )

લક્ષણો :

'વ્યાધિ' નામની આઠમી કામદશાનું લક્ષણ નિરૂપતાં ભરતમુનિ જણાવે છે કે '' જ્યારે સામ, દાન વિગેરે ઉપાયો તથા ઇપ્સિત વસ્તુઓ મોકલવા છતાં પણ પ્રિયની ઉપલબ્ધિ ન થાય તો 'વ્યાધિ'દશા ઉદ્ભવે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૬)

દશરૂપક અનુસાર 'જ્વર' નામના વ્યભિચાર ભાવના વિભાવ, અનુભાવ, 'વ્યાધિ (જ્વર) અયોગ અવસ્થા' ના પણ હોય છે. (૪/૫૫) નાટકલક્ષણરત્નકોશ અનુસાર જ્વર અને શિરોવેદનાને કારણે આતંક (રોગ) ઉદ્ભવે છે.

( સા.દ. ૩/૧૯૦)

શારદાતનયના મતે કામથી, લોભ-દ્રવ્યથી, સામ-દાનથી ઉપબૃંહિત થવાથી, સંદેશ મોકલવા છતાં પણ કોઇ કારણથી નિરાકરણ કરવાથી અભીષ્ટ મિલનના અભાવથી 'વ્યાધિ' ઉત્પન્ન થાય છે. ( ભા.પ્ર. ૪/૯૮)

( બ )

અનુભાવો :

'વ્યાધિ' કામદશાનો અભિનય કેવી રીતે કરવો તે અંગે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે વ્યાધિ નામની આ આઠમી દશામાં હૃદયમાં મોહ વ્યાપવા માંડે છે, શરીરમાં દાહ લાગે છે, મસ્તકમાં તીવ્ર વેદના ઉપડે છે અને ક્યાંય ચેન પડતું નથી. આ ક્રિયાઓ દ્વારા વ્યાધિ દશાનો અભિનય કરવો જોઇએ.

( અધ્યાય ૨૪ શ્લોક ૧૮૭)

શારદાતનયના મત પ્રમાણે મોહ, અંગ-દાહ, સંતાપ, શિર-દર્દ, વેદના, મૃત્યુની ઇચ્છા, જીવનની ઉપેક્ષા, જ્યાં ત્યાં પડવું, આંખોની શિથિલતા, નિઃશ્વાસ, સ્તંભ, વિલાપ વિગેરે વ્યાધિથી ઉત્પન્ન અનુભાવો છે. (ભા.પ્ર.૪/૯૯) 'નાટકલક્ષણરત્નકોશ'માં પ્રસ્તુત દશાને 'આતંક' અવસ્થા કહી છે. વિચારોમાં રાત ગાળવી, અસમય ભોજન લેવું, સદા ચિંતિત રહેવું વિગેરેથી સંતાપ જન્મે છે અને તેને શાંત કરવા માટે કમળની દાંડીમાંથી બનાવેલા વલય પહેરાવવામાં આવે છે. પાણીમાં ભીના કરેલા પંખા વડે વાયુ પ્રદાન કરવામાં આવે છે. ઠંડા અને ભીના વસ્ત્રો પહેરાવવામાં આવે છે. (પૃ.૨૩૬)

## જડતા

(અ)

લક્ષણો :

'જડતા' નામની નવમી કામદશાનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરૂપે છે. ''પૂછીએ ત્યારે ઉત્તર ના આપે, ના સાંભળે, ના જુએ અને સ્મૃતિના રહેવાને કારણે હાય હાય કરે તો તેને જડતા નામની નવમી કામદશા સમજવી જોઈએ.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૮)

'દશરૂપક' અનુસાર જડતા વ્યભિચારી ભાવના જે વિભાવો તથા અનુભાવ વર્ણવવામાં આવ્યા છે તે જડતા નામની અયોગ અવસ્થા (કામદશા) ના પણ ગણી શકાય. (૪/૫૫) નાટકલક્ષણરત્નકોશ અનુસાર પ્રિયતમની સાથે એકાત્મભાવનાના અતિ ચિંતનથી જડતા ઉત્પન્ન થાય છે. (પૃ.૨૩૮)

સાહિત્યદર્પણ અનુસાર અંગો તથા મન ચેષ્ટાશૂન્ય થાય તેને જડતા કહે છે. (સા.દ.૩/૧૯૦)

શારદાતનયના મતે સર્વ કાર્યોમાં હંમેશા અજ્ઞાન (અપ્રતિપત્તિ) જડતા કહેવાય છે. (ભા.પ્ર. ૪/૧૦૦)

(બ)

અનુભાવો :

'જડતા' નામની કામદશાના અભિનય વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે

હુંકાર કરવો, શરીરના સર્વ અંગો શિથિલ કરવા, નાક અને મુખ વાટે શ્વાસ ઉપડવો તથા બુધ્ધિની મંદતા દાખવી વિગેરે ક્રિયાઓ ધ્વારા 'જડતા' કામદશાનો અભિનય કરવો જોઇએ.'' (અધ્યાય ૨૪ શ્લોક ૧૮૯ )

શારદાતનયના મતાનુસાર નાયિકા ઇષ્ટ તથા અનિષ્ટને જાણતી નથી. સુખ-દુ:ખ જાણતી નથી, પ્રશ્ન કરવાથી કશું બોલતી નથી, નથી સાંભળતી, નથી જોતી, હા ! હા ! કરે છે, અસમય હુંકારો કરે છે, અંગોની શિથિલતા, કૃશતા, વિવર્ણતા, નિ:શ્વાસ, સ્તમ્ભ તથા સ્પર્શની અનભિજ્ઞતા- આ જડતાથી ઉત્પન્ન અનુભાવો છે. (ભા.પ્ર.૪/૧૦૪)

'નાયકલક્ષણરત્નકોશ' અનુસાર આ દશામાં કોઇ સુગંધિત વસ્તુની ગંધ આવતી નથી, કશું સંભળાતું નથી કોઇ પદાર્થનો સ્પર્શ અથવા અનુભવ થતો નથી. (પૃ.૨૩૮)

## મરણ

( અ ૧)

લક્ષણો :

'મરણ' નામની અંતિમ કામદશા વિશે જણાવતાં ભરતમુનિ કહે છે કે '' જ્યારે સર્વ ઉપાયો કરવા છતાં ઇષ્ટની પ્રાપ્તિ ન થાય તો કામાગ્નિની દાહવ્યથા સહન ન થવાથી 'મરણ' કામદશા ઉદ્દભવે છે. ( અધ્યાય ૨૪ શ્લોક ૧૯૦)

દશરુપકમાં મરણની અપ્રીતિકર ગણી તેને રંગમંચ માટે વર્જ્ય ગણી મરણ સદૃશ અયોગ્ય અવસ્થા નિરુપવા જણાવાયું છે. (ચતુર્થ પ્રકાશ) નાટકલક્ષણરત્નકોશ અનુસાર જીવન સમાપ્તિ અથવા પ્રાણત્યાગ 'મરણ' કહેવાય છે. ( પૃ.૨૩૮)

સાહિત્યદર્પણ અનુસાર મરણને મૃતિ કહે છે. ( ૩/૧૯૦ )

શારદાતનય અનુસાર ઉપર્યુક્ત સર્વ અવસ્થાઓમાં ઉપલબ્ધ પ્રતીકારોથી પણ સમાગમ ન થાય તો કામાગ્નિમાં સળગી મરવું 'મરણ' કહેવાય છે.

( બ )

અનુભાવો :

કામદશાઓના વિવરણના અંતે ભરતમુનિ જણાવે છે કે આ સર્વ દશાઓનો વિનિયોગ

'કામતન્ત્ર' ધ્યાનમાં રાખી કરવો જોઇએ. આ દશ કામદશાઓ ઇષ્ટના અભાવ અથવા અપ્રાપ્તિને કારણે ઉદ્ભવે છે. બની શકે ત્યાં સુધી 'મરણ' નામની અંતિમ દશાનો અભિનય રજૂ ન કરવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૧૯૧)

શારદાતનયના મતે મરણ અશુભ હોવાથી તે રંગમંચ ઉપર પ્રદર્શિત કરવામાં આવતું નથી. (ભા.પ્ર.૪/૧૦૨)

'નાટકલક્ષણરત્નકોશ' અનુસાર મરણની દશા રંગમંચ પર ઘટિત ન થતી હોવાથી તે નાટકીય ઘટનાનું અંગ બની શકતી નથી. (પૃ.૨૩૮)

વિયોગને કારણે ઉદ્ભવતી કામદશાઓના વિવિધ સ્વરુપોનો અભિનય નાયકે પણ આવા વિવિધ ભાવોના પ્રદર્શન કરવો જોઇએ. કામજન્ય વિવિધ અવસ્થાઓનો અભિનય નાયક તેમજ નાયિકાએ સામાન્ય લક્ષણોના સંયોજન દ્વારા - સામાન્યગુણયોગેન- રજૂ કરવો જોઇએ (અધ્યાય ૨૪ શ્લોક ૧૯૨-૧૯૩) એમ જણાવી ભરતમુનિ 'કામદશાના અભિનયમાં સામાન્યગુણયોગ' વિશે નિરુપણ કરે છે.

## કામદશાના અભિનયમાં સામાન્યગુણયોગ

કામદશાના અભિનયમાં સામાન્ય ગુણયોગ કેવી રીતે સાધવો તેની ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે ચિન્તા, નિઃશ્વાસ, ખેદ, હૃદયદાહ, (અથાસહ) પ્રિય અનુગમન, તેની રાહ જોવી, ઉર્ધ્વનિરીક્ષણ કરવું, દીન અથવા કરુણભાવે સંભાષણ, આકાશવીક્ષણ, વિવિધ ઘરેણાંઓને સ્પર્શ, વિગેરે ક્રિયાઓ દ્વારા વિયોગજન્ય કામઅવસ્થાઓ કે જે લોકવ્યાપક છે તેનો અભિનય કરવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૧૯૪ થી ૧૯૬)

## પ્રચ્છન્ન કામનો ઉપચાર

'પ્રચ્છન્ન કામનો ઉપચાર' નિરુપતા ભરતમુનિ જણાવે છે કે દહ્યમાન કામાગ્નિને શીતળ કરવા માટે વિશેષ પુષ્પમાળાઓ, અલંકાર, અનુલેપન શીતગૃહ તથા ઉપવન સેવન કરવું જોઇએ. કામાગ્નિ વિશેષ દહ્યમાન થાય, પ્રિય સમાગમ ન થાય ત્યારે પોતાની દશા સૂચિત કરવા માટે દૂતિને પ્રેષવી જોઇએ. દૂતીને પોતાનો સંદેશ લઇ જવા જણાવવું જોઇએ

અને દૂતીએ પણ વિનય અને ઉચિત શિષ્ટાચારપૂર્વક 'આવી તેની અવસ્થા છે' એવો સંદેશ યથાસ્થાને પહોંચાડવો જોઇએ. સંદેશનો ભાવ પહોંચાડયા પછી રતિના ઉપાયો ઉપર વિચાર કરવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૧૯૭ થી ૨૦૦)

## રાજા દ્વારા કામોપચાર

'કામતન્ત્ર'ના આધારે પોતે આભ્યન્તરગત રાજોપચારવિધિ વર્ણવશે એમ કહી તેનું કારણ સ્પષ્ટ કરતાં ભરતમુનિ જણાવે છે કે અનેક પ્રકૃતિઓ તથા સુખ અને દુ:ખની અવસ્થામાં થનારી દશાઓને કારણે જે ભાવોનો રાજા અનુભવ કરે છે પ્રજા પણ તેનુંજ અનુસરણ કરે છે.

રાજા આજ્ઞા કરે તો ગુણવતી નારી ની ઉપલબ્ધિ દુર્લભ નથી હોતી અર્થાત રાજા ઇચ્છે, તો કોઇપણ ગુણવતી નારી મેળવી શકે પરંતુ દાક્ષિણ્યપૂર્વક સંપાદિત કરેલો 'કામ' રતિકર બને છે અર્થાત ચતુરાઇપૂર્વક ઉત્પન્ન કરેલો પ્રેમ વધારે આલ્હાદક હોય છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૨૦૧ થી ૨૦૩)

મહાદેવી પરત્વે સન્માનની લાગણી તથા અન્ય પ્રિયતમાઓ પરત્વે ભયની લાગણીને લીધે રાજાએ ઇષ્ટ (આભ્યન્તર) નાયિકા પ્રતિ 'પ્રચ્છન્ન-કામિતા' નોજ ઉપચાર કરવો જોઇએ. જો કે રાજા દ્વારા 'કામતન્ત્ર'ની અનેક વિધિઓનો પ્રયોગ થઇ શકે છે પણ 'પ્રચ્છન્ન કામિતા' નો પ્રયોગ અથવા ઉપચારજ સર્વશ્રેષ્ઠ તથા રતિસંવર્ધક બની રહે છે. તેમાં પ્રાપ્ત થનારી નારી પ્રતિ જે વિઘ્નો આવે છે, પછી તેનું નિવારણ થાય છે અને અન્તે દુર્લભ સ્ત્રીરત્નની અનેક મુશ્કેલીઓ પછી પ્રાપ્તિ થાય છે તે ઉત્કૃષ્ટ 'રતિ' પ્રદાન કરે છે.

(અધ્યાય ૨૪ - ૨૦૫/૨૦૬)

'માલવિકાગ્નિમિત્ર' નાટકમાં રાજા અગ્નિમિત્ર માલવિકાની પ્રાપ્તિ તથા 'રત્નાવલી' નાટકમાં રાજા ઉદયન સાગરિકાની પ્રાપ્તિ 'પ્રચ્છન્ન-કામિતા' ના ઉપચાર દ્વારા કરે છે.

ભરતમુનિના મત પ્રમાણે રાજાના અંત:પુર નિવાસમાં અર્થાત રાણી વાસમાં સ્ત્રીઓની સાથે રાજાનું મિલન દિવસે પણ સંભવી શકે છે. (દિવાસંભોગ) પરંતુ બાહય સ્ત્રી સાથે મિલન રાત્રેજ ઉપયુક્ત હોય છે. 'બાહયોપચારો' પાઠની જગ્યાએ 'વાસોપચારો' એવો પાઠ પણ મળે છે

તદાનુસાર વાસોપચાર અર્થાત વાસક ઉપચાર-રતિગૃહે મિલન - રાતેજ ઉપયુકત ગણાય છે.
(અધ્યાય ૨૪ /૨૦૭)

અભિનવગુપ્તની ટીકા પ્રમાણે પરસ્પર એક બીજાને જોવું, પ્રણયકલહ થવો. સંગીતનો આશ્રય ઇત્યાદિ દિવાસંભોગ અંતર્ગત આવે છે જેમ કે કોઇ પ્રેમીનું પોતાની પ્રેમિકાને એમ કહેવું કે મેં તારા ચન્દ્ર સમાન મુખને જોઇને દિવસ વિતાવ્યો. આ દિવા સંભોગનો રંગમંચ ઉપર સરળતાથી અભિનય થઇ શકે છે. અંતઃપુરની નિમ્નલિખિત નાયિકાઓ સાથે દિવાસંભોગ કરવામાં આવતો એવું અભિનયગુપ્તનું વિધાન છે.

(૧) **ઉઢા** : એ વિવાહિત નાયિકા કે જે અંતઃપુરમાં અહીં તહીં કોઇ કાર્યવશ જાય છે.

(૨) **પુનર્ભૂ** : એવી નાયિકા જેનો વિવાહ થઇ ગયો છે પણ તે અન્ય પુરુષને પ્રેમ કરે છે.

(૩) **અવરુધ્ધ ગણિકા**: કોઇપણ ગણિકા જે કોઇ એક પુરુષના ઘરમાં રહેવા લાગે અને પોતાની ગણિકાવૃત્તિ અથવા બીજા પુરુષને મળવાનું છોડી દે.

(૪) **કન્યકા** : જેનો વિવાહ નથી થયો તેવી નાયિકા.

(૫) **પ્રેષ્યા** : જે અહીં તહીં સમાચાર લઇ જાય છે. તેની સાથે દિવા સંભોગ સામાન્ય રીતે છુપાઇને કરવામાં આવતો.

- નાટ્યશાસ્ત્ર (અભિનવભારતી) ભા-૩/૨૦૬)

ભરતમુનિના મત પ્રમાણે નીચે જણાવેલા છ કારણોસર રાજાનો નાયિકા સાથે સંયોગ થતો. (૧) પરિપાટી અથવા નિર્ધારિત દિવસ (૨) પુત્રપ્રાપ્તિ (૩) નવો પરિચય (૪) નવ પ્રસવ (૫) દુઃખના સમયે તથા (૬) ઉત્સવ નિમિત્તે.

(અધ્યાય ૨૪ શ્લોક ૨૦૮)

રાજા જ્યારે ઉચિત સમજે ત્યારે ઋતુકાળમાં પ્રેષ્યા અથવા ઇષ્ટ નાયિકા અથવા મહારાણી પાસે સ્વયં કામતૃપ્તિ અર્થે અભિસરણ કરે એમ જણાવી ભરતમુનિ તે પછીના શ્લોકોમાં 'અષ્ટનાયિકાભેદ' નિરુપે છે. જેની ચર્ચા આ અગાઉ ગત પ્રકરણમાં સમાવી લેવામાં આવી છે એટલે તેનું પુનરાવર્તન ઇષ્ટ નથી .

'અષ્ટનાયિકાદિ'ના નિરુપણ પછી ભરતમુનિ 'સુપ્ત પ્રિયથી મિલન વિધિ' વર્ણવે છે.

## સુપ્ત પ્રિયથી મિલન વિધિ

સુપ્ત અર્થાત સુઇ ગયેલા નાયકને જગાડવાના નાયિકાના વિવિધ પ્રકાર તથા તેનો રંગમંચ ઉપર અભિનય ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

' જો પ્રિયતમ મળવા તેના સ્થાને અભિસરણ કર્યા પછી પ્રિયતમ સુપ્ત અવસ્થામાં હોય તો તેને જગાડવા માટે અનેક પ્રકારના ઉપાયો પ્રયોજવા જોઇએ. કુળજા નાયિકા અલંકાર વડે અર્થાત અલંકારના ધ્વનિ વડે, વેશ્યા નાયિકા શીતળ સુગન્ધ વડે અને પ્રેષ્યા પોતાના વસ્ત્રવ્યંજન અર્થાત પાલવના પંખા વડે સુપ્ત નાયકને જગાડે, આવા સમયે સખીઓનું સંભાષણ નિષ્ઠુર અને મધુર ગુણોથી યુકત તથા સુંદરતાપૂર્વક આશ્વાસન તથા નિર્ભત્સના યુકત હોવું જોઇએ. ભરતમુનિના મત પ્રમાણે ઉપર્યુકત કામાશ્રયવિધિ કેવળ કુલજાગના માટેજ નહિ પરંતુ બધા પ્રકારની નાયિકાઓ માટે છે કારણ કે નાટકમાં સર્વ પ્રકારની નાયિકાઓની બધી અવસ્થાઓ રજૂ કરે છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૨૨૯ થી ૨૩૨ )

શારદાતનય ભાવપ્રકાશનમાં 'સુપ્તનાયક-પ્રબોધન' અંતર્ગત વિધાન કરે છે કે નાયક સુપ્ત અવસ્થામાં હોય ત્યારે નિચલા પરાંગના (અર્થાત અન્યની સ્ત્રી) નાયકની પાસે ઊભી રહી જાય છે અને ચુપચાપ શીતળ માળા તથા લેપ વડે અલંકૃત કરે છે અને પછી તે ભાવજ્ઞ નાયકને જગાડે છે અને તેના ભાવોની પ્રતીક્ષા કરે છે. વેશ્યા અત્યંત કોમળ સ્પર્શ તથા નાયકના કેશમાં હાથ ફેરવી સુપ્ત નાયકને જગાડે છે. પછી જાગી જાય ત્યારે પ્રણયને કારણે અણવાર માટે ક્રોધ કરે છે. પ્રેષ્યા (દાસી) નેત્રોન્મીલન, વસ્ત્ર-વ્યંજન તથા પાદ-મર્દન ધ્વારા સુપ્ત નાયકને જગાડી તેની સાથે નાકનું ટેરવું ચઢાવી નાયકની ભર્ત્સના કરે છે. આ પ્રમાણે બધા નાયિકાઓની અલગ અલગ ચેષ્ટાઓ હોય છે. (ચતુર્થ અધિકાર / શ્લોક ૧૭૧ થી ૧૭૪)

સુપ્ત પ્રિયતમ (નાયક)ને જગાડવાની વિધિ નિરુપ્યા પછી ભરતમુનિ

'વાસકઉપચારવિધિ' નિરુપે છે.

## વાસક ઉપચાર વિધિ

'વાસક ઉપચાર વિધિ' નિરુપતા ભરતમુનિ જણાવે છે કે ' નવકામમાં પ્રવૃત્ત અથવા કોપિત નાયિકા જ્યારે સ્વેચ્છાથી સમાગમ માટે તૈયાર ન થાય ત્યારે અનેક બહાના તથા ઉપયોનો આશ્રય લઇ વાસકનો પ્રયોગ કરવો જોઇએ. વિલાસી નાયકે, નાયિકા દ્વારા સેવિત વિવિધ પ્રકારના અલંકાર, વસ્ત્ર, ગન્ધ તથા પુષ્પમાળાઓ પ્રસન્નતાપૂર્વક સ્વયં ધારણ કરવી જોઇએ. જ્યાં સુધી નાયક, પોતાની પ્રિયા-નાયિકાને પ્રાપ્ત નથી કરતો ત્યાં સુધી તે અતિશય આહ્લાદ પ્રાપ્ત નથી કરતો. જેવો તે નાયિકાની સાથે સંયોગ થવાથી વિમુક્ત હર્ષથી મદનાધીન થઇ આહ્લાદિત થાય છે. અનુરાગપૂર્ણ નાયકનાયિકાઓના પારસ્પરિક વ્યવહારમાં મધુર તેમજ વિલાસપૂર્ણ ભાવોનો વિનિયોગ સાધવો જોઇએ. તે સમયે મધુર ચિત્તવૃત્તિ મધુર વચન, મધુર ચેષ્ટા (હોઠ, આંખ વિગેરે ઉપાંગોનું હલનચલન) તથા વિલાસપૂર્ણ ભંગિમાઓ પ્રયોજવી જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૨૩૩ થી ૨૩૬ )

## વાસકની તૈયારી

નાયકનું આગમન થાય ત્યારે નાયિકાએ મદન પ્રવૃત્ત થાય અને ઉપચાર અનુભવે તે માટે વાસક ઉપચારની વિશેષ તૈયારી કરવી જોઇએ. ગન્ધ, માલ્ય અર્થાત્ સુગંધિત પુષ્પમાળાઓ ધારણ કરી, સુગંધિત દ્રવ્યથી વાસિત વસ્ત્ર (વાસક માટે ઉચિત વસ્ત્ર) પહેરી નાયિકાએ વારંવાર દર્પણ નિહાળવું જોઇએ. વાસોપચારમાં અધિક ઘરેણાં પહેરવા ન જોઇએ. કેવળ (કામોત્તેજિત) ધ્વનિ કરે તેવી રશના અર્થાત્ મેખલા તથા નૂપુર અર્થાત ઝાંઝર પહેરવા જોઇએ. આ પ્રમાણે વેશભુષાથી સજી નાયિકાએ પ્રિય (નાયક)ના આવવાની પ્રતીક્ષા કરવી જોઇએ. આવે સમયે વેશભુષા અનાયાસપણે ધારણ કરી એવો વેશ ધારણ કરવો જોઇએ કે જે સમયોચિત હોય (અધ્યાય ૨૪ શ્લોક ૨૩૭ થી ૨૩૯તથી ૨૪૪)

'વાસકવિધિ' નિરુપ્યા પછી ભરતમુનિ 'નાયિકા દ્વારા નાયક પ્રતીક્ષા' વિષયક વિધાનો વર્ણવે છે.

## નાયિકા દ્વારા નાયકની પ્રતિક્ષા

નાયકની પ્રતીક્ષા કરતી નાયિકાનો અભિનય રંગમંચ ઉપર કેવી રીતે કરવો તે વિશે ચર્ચા કરતા ભરતમુનિ જણાવે છે કે વાસક વિધિ સંપન્ન થયા પછી 'નાલિકા' (એક પ્રકારનું સમય દર્શાવનારું યન્ત્ર ) નો ધ્વનિ સાંભળી નાયકના આગમનની પ્રતીક્ષા કરવી જોઇએ. નાલિકાનો ધ્વનિ સાંભળી નાયક આવ્યાના ગભરાટ સાથે ખિન્ન અને કંપિત હૃદયે ઉતાવળે તોરણ-બહારના દ્વાર સુધી આગળ વધી, જમણા હાથે કમાડ તથા ડાબા હાથે તોરણ પકડી દરવાજાને અડકીને ઊભી રહે અને નાયકની પ્રતીક્ષા કરે. નાયકને ન જોતાં ચિંતાતુર બની, શંકા, ભય, કંપ વિગેરે ભાવો દર્શાવે અને ખેદયુક્ત બની, દીર્ઘ નિઃશ્વાસ નાખી, આંખમાં અશ્રુ લાવી, ખિન્ન હૃદયે જમીન પર બેસી પડી નાયકના ન આવવા સંબંધિ અનેક શુભાશુભ વિચારો કરે, જેમ કે "એ કોઇ મહત્વના કામ માટે રોકાયા. કે મિત્રોએ રોકી દીધા કે મંત્રીઓ જોડે રાજ્યની સ્થિતિ અંગે વિચારણા કરવા રોકાઇ ગયા કે પછી કોઇ ઇષ્ટતમ પ્રિયાએ અધવચ્ચેજ રોક્યા ? '' વળી તે જુદાં જુદાં ચિહ્નો વડે શરીરનું કોઇ અંગ ફરકવું વિગેરે વડે પોતાને થતાં શુકન કે અપશુકન પણ દર્શાવે. (અધ્યાય ૨૪ શ્લોક ૨૪૫ થી ૨૫૨ )

## નાયિકાનાં શુભાશુભ શુકન

નાયિકાના ડાબા અંગના સ્ફુરણથી શુકન તથા જમણા અંગના સ્ફુરણથી અપશુકન સૂચિત થાય છે. ડાબી તરફના નેત્ર, લલાટ, ભ્રૂકુટિ, અધરોષ્ઠ, ઉરુ, બાહુ કે સ્તનના સ્ફુરણથી પ્રિયસમાગમની સૂચના મળે છે. તેનાથી વિપરીત જમણી બાજુના અંગોના ફરકવાથી અનિષ્ટની સૂચના મળે છે.

નાયકનો સમાગમ ન થવાથી નાયિકાએ દુર્નિમિત્તપૂર્ણ અભિનય કરવો જોઇએ. દુર્નિમિત્તના દર્શનથી અર્થાત અપશુકન જણાવાથી ક્ષણભર માટે નાયિકાએ મુર્છિત થઇ જવું જોઇએ. નાયકના ન આવવાથી હાથ ગંડસ્થળે રાખવો જોઇએ તથા આંસુઓ

પરત્વે બેદરકાર બની રડવાનો અભિનય કરવો જોઇએ. શુભ નિમિત્ત અથવા નાયકના આગમનની સંભાવના 'મોહક ગ્રંથ ગૂંથવાના' અભિનયવડે દર્શાવવી જોઇએ.

(અધ્યાય ૨૪ શ્લોક ૨૫૩ થી ૨૫૭ )

## નાયિકા દ્વારા નાયકનું સ્વાગત

નાયક-પ્રિયતમને આવેલો જોઇ ઉઠી, પ્રસન્ન થઇ, નાયિકાએ યથાવિધિ સામે જવું જોઇએ અને પ્રસન્નતાથી ઉત્ફુલ્લ નેત્રો દ્વારા કાન્ત (નાયક)ને નિરખવો જોઇએ. પરંતુ જો નાયક અન્ય નાયિકાથી મિલન જન્ય ચિન્હ અથવા તાજા ક્ષતથી યુક્ત જણાય તો પોતાની સખીઓના ગળે પોતાનો હાથ રાખી અથવા સખીના હાથમાં હાથ પરોવી, 'આયત્ત સ્થાન' ગ્રહણ કરી આવા (અપરાધી) નાયકને ઓળખી કાઢવો જોઇએ. અપરાધી નાયકને ઉપાલંભ આપવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૨૫૮ થી ૨૬૦ )

## નાયિકા દ્વારા ઇર્ષ્યા

નાયિકાએ માન, અપમાન, સમ્મોહ, અવહિત્થ, ભય, કમ તથા વચનોની સમુત્પત્તિ દ્વારા ઇર્ષ્યાનો ભાવ દર્શાવવો જોઇએ. વિશ્વાસ, સ્નેહ, રાગ, સંદેહ, પ્રણય, સંતોષ, સ્પર્ધા, દાક્ષિણ્ય આક્ષેપ, ધર્મ, કામ, અર્થના પ્રયોગમાં, પ્રચ્છન્ન યથાકાસ્ય વચનોમાં કુતુહલ, સંભ્રમ, વ્યસન તથા સ્ત્રી અથવા પુરુષ દ્વારા કોઇમાં, પૃથકપણે કે મિશ્રપણે ઉત્પન્ન થતા અપરાધની અવસ્થામાં નાયિકાએ, નાયક દ્વારા સંભાષણપ્રારંભ ન થવા છતાં ઇર્ષ્યાયુક્ત વાતચીતનો આરંભ કરવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૨૬૧ થી ૨૬૪)

## ઇર્ષ્યાના કારણો

'જ્યાં સ્નેહ હોય ત્યાં ભય પણ અને જ્યાં ઇર્ષ્યા હોય ત્યાં મદન પણ ' એમ જણાવી ભરતમુનિ ઇર્ષ્યાના ચાર કારણો હોવાનું જણાવે છે. આ ચાર કારણ છે (૧) વૈમનસ્ય (૨) વ્યલીક (૩) વિપ્રિય અને (૪) મન્યુ. (અધ્યાય ૨૪ શ્લોક ૨૬૫, ૨૬૬)

શારદાતનય ભાવપ્રકાશનમાં જણાવે છે તેમ જ્યાં સ્નેહ હોય છે ત્યાં ભય હોય છે. જ્યાં ઈર્ષ્યા હોય છે ત્યાં કામ હોય છે. વૈમનસ્ય તથા વ્યલીક ક્રમશ: સ્નેહ તથા ભયને કારણે ઉદ્ભવે છે. ઈર્ષ્યા તથા કામને કારણે ક્રમશ: વિપ્રિય તથા મન્યુ ઉદ્ભવે છે. (૬/૫૫)

## વૈમનસ્ય

(અ)

**વૈમનસ્યનું કારણ :**

વૈમનસ્યનું કારણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જ્યારે નાયકને નિદ્રાથીયુકત, ખેદયુકત, અથવા આલસ્યયુકત (થાકેલો) જુએ અથવા રતિચિહ્ન અને ક્રોધીયુકત જુએ તો નાયિકામાં વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. (અધ્યાય ૨૪ / શ્લોક ૨૬૭ )

વૈમનસ્યનું લક્ષણ નિરુપતાં શારદાતનય જણાવે છે કે જેમ ધૂપ અર્થાત તડકાથી ખેતી મલિન થઇ જાય છે તેમ મન દુ:ખ (તાપ)થી મલિન થઇ જાય છે. તે વૈમનસ્ય કહેવાય છે. (ભા.પ્ર. ૬/૫૬ )

વૈમનસ્યનું કારણ નિરુપતાં શારદાતનય જણાવે છે કે સ્નેહમાં પણ સ્નેહાલમ્બનના દોષથી, સરસ ઘાથી યુકત તથા રાત્રિ જાગરણને લીધે આળસુ પ્રિયતમને જોવાથી નાયિકામાં વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. (ભા.પ્ર. ૬/૫૬)

(બ)

**વૈમનસ્યનો અભિનય :**

ભરતમુનિના કથન અનુસાર અતિશય ઈર્ષ્યાયુકત ચહેરો અને ક્રોધથી હોઠ કંપાવતા, 'ધન્યવાદ. આપે ઘણું સારું કર્યું અથવા આપની શોભા ઘણી સારી છે.' વિગેરે રોષ વચનો દ્વારા વૈમનસ્યનો અભિનય કરવો જોઇએ. (અધ્યાય ૨૪ /૨૬૮ )

શારદાતનયના મતે વૈમનસ્યમાં રોષ, સ્વેદ,કંપન, મુખની વિવર્ણતા હોય છે તથા 'સ્પર્શો નહિ, બહું સારું, અચ્છા જાવ' આ પ્રકારના વાક્યો બોલવામાં આવે છે. (ભા.પ્ર.૬/૫૬ )

## વ્યલીક

(૧)

**'વ્યલીક'નું કારણ :-**

વ્યલીકનું કારણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જ્યારે અનેકવાર મના કરવા છતાં નાયક સદાય પોતાની જૂની આદત અનુસાર ચાલ્યો આવે તો સંઘર્ષ અને મત્સરને કારણે નાયિકામાં 'વ્યલીક' ભાવ ઉત્પન્ન થાય છે. (અધ્યાય ૨૪/૨૩૯)

શારદાતનયના મતે અભીપ્સિત વસ્તુઓની અનુત્પત્તિ 'વ્યલીક' કહેવાય છે. મના કરવા છતાં નાયક, નાયિકાની સમીપ બળપૂર્વક વારંવાર આવે તો આ પ્રમાણે સંઘર્ષ તથા મત્સરને કારણે નાયિકામાં 'વ્યલીક' ઉત્પન્ન થાય છે. (ભા.પ્ર.૬/૫૭)

(૨)

**'વ્યલીક'નો અભિનય :**

ભરતમુનિ જણાવે છે તેમ વ્યલીક ભાવનો અભિનય છાતી ઉપર ડાબો હાથ રાખી, જમણો હાથ કોણીથી ધ્રુજાવી પગ ઉપર રાખી કરવામાં આવે છે. (અધ્યાય ૨૪/શ્લોક ૨૭૦)

શારદાતનયના મતે 'વ્યલીક'ભાવ ઉત્પન્ન થવાથી હૃદય ઉપર ડાબો હાથ રાખી, બીજા હાથ પછાડતા ક્રોધને કારણે નાયિકા એવું બોલે છે કે ' તમે અહીં બેસો અમે જઇએ છીએ.' (ભા.પ્ર.૬/૫૭)

## વિપ્રિય

(૧)

**વિપ્રિયનું કારણ :-**

ભરતમુનિ જણાવે છે તેમ જ્યારે નાયક 'હું તારો સેવક છું.' ' તું જ મારી પ્રિયા છે ' ' તારે કારણે તો હું જીવી રહ્યો છું' વિગેરે વચનો કહી તેનાથી વિપરીત આચરણ કરે તો તેનાથી નાયિકામાં 'વિપ્રિય' ભાવ ઉત્પન્ન થાય છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૨૭૧)

શારદાતનયના મતે કોઇ વાતનો સ્વીકાર કરી તેનું પાલન ન કરવું વિપ્રિય કહેવાય છે અર્થાત્ પ્રતિજ્ઞા કરી તેને પૂરી ન કરવી વિપ્રિય કહેવાય છે. 'જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી તારો દાસ બની ને રહીશ અને તું જ મારી પ્રિયા છે.' એવું કહી નાયક અન્યથા (વિપરીત) આચરણ કરે તો નાયિકામાં વિપ્રિય ભાવ ઉત્પન્ન થાય છે. (ભા.પ્ર. ૬/૫૮)

( ૨ )

**વિપ્રિયનો અભિનય :**

વિપ્રિયના ભાવનો અભિનય કેવી રીતે કરવો તે વિશે ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે પ્રિય ધ્વારા પ્રેષિત દૂતી, લેખ તથા પ્રશ્નનો જવાબ ન મોકલતાં તેનો પરિહાર કરતાં, ક્રોધ-પરિહાસ તથા રુદન અને અસ્વીકૃતિ સૂચક મસ્તક કંપન ધ્વારા વિપ્રિયનો અભિનય કરવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૨૭૨)

શારદાતનયના મતાનુસાર 'વિપ્રિય'નો ભાવ ઉત્પન્ન થવાથી નાયિકા રડે છે, ક્રોધથી હસે છે, વારંવાર દૂત વિગેરેને મોકલે છે, અશ્રુ તથા શિરકંપન સાથે 'સારુ કર્યું' એમ બોલે છે. (ભા.પ્ર.૬/૫૮)

## મન્યુ

( ૧ )

**મન્યુનું કારણ :**

ભરતમુનિના મત પ્રમાણે જ્યારે નાયક, અન્ય નાયિકા સાથેના સંભોગ ચિહ્નો સાથે આવી નાયિકાની સમક્ષ આત્મપ્રશંસા કરે તો તો તેનાથી નાયિકામાં 'મન્યુ'નો ભાવ ઉત્પન્ન થાય છે. (૨૪ / ૨૭૩ )

માનુનીનું અપમાન કરવું 'મન્યુ' કહેવાય છે એવો શારદાતનયનો મત છે. 'મન્યુ' જ્ઞાનને રોકનાર અર્થાત જ્ઞાનનો નાશ કરનાર હોય છે. સપત્ની સાથે પ્રેમ કરવાથી સંભોગમાં પ્રાપ્ત સૌભાગ્યને ઘણી વાર કહેતા નાયકને જોઇ નાયિકામાં 'મન્યુ' નો ભાવ જન્મે છે, એમ શારદાતનય જણાવે છે. (ભા.પ્ર.૬/૫૯ )

**'મન્યુ'નો અભિનય :**

ભરતમુનિના મત પ્રમાણે વલય ઢીલા કરી ઉપર ચઢાવી, મેખલા ઢીલી કરી અથવા ઉછાળી તથા શંકાપૂર્ણ, અશ્રુભરેલી દૃષ્ટિ દ્વારા મન્યુનો અભિનય કરવો જોઇએ. (૨૪/૨૭૪)

શારદાતનયના મત પ્રમાણે 'મન્યુ' ભાવ ઉત્પન્ન થવાથી નાયિકા અશ્રુપૂર્ણ આંખો વડે શંકા કરે છે, મેખલા વિગેરે નીચે ફેંકી દે છે, કંકણ વિગેરેને વારંવાર શીઘ્રતાથી બદલે છે. વાત ન કરતાં શય્યા ઉપર ચુપચાપ સૂઇ જાય છે, કુંઠિત રહે છે. (૬/૬૦)

ઇર્ષ્યાના ચાર કારણો નિરુપ્યા પછી ભરતમુનિ 'અપરાધી નાયક પરત્વે નાયિકાનો વ્યવહાર વર્ણવે છે.'

**અપરાધી નાયક પરત્વે નાયિકાનો વ્યવહાર અથવા પ્રણય કલહ**

નાયક-નાયિકા (પતિ-પત્નિ) વચ્ચેનાં રિસામણાં મનામણાં (શાસ્ત્રીય ભાષામાં પ્રણયકલહ) સાંસારિક જીવનનું એક મહત્વનું પાસું તથા રસિક ભાગ છે. તેનો અભિનય કેવી રીતે કરવો તેનું નિરુપણ ભરતમુનિએ 'સામાન્ય અભિનય' અંતર્ગત કર્યું છે.

નાયક જ્યારે અપરાધી થઇને આવ્યો હોય ત્યારે નાયિકાએ કેવો વ્યવહાર કરવો જોઇએ તે વિશે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. ભરતમુનિ જણાવે છે કે જ્યારે નાયકને પોતાની સામે શંકિત અપરાધી અને લજ્જિત દશામાં ઉભેલો જુએ તો નાયિકાએ ઇર્ષ્યાજન્ય વચન કહી ઠપકો આપવો જોઇએ અને એ રીતે નાયકને ખેદ પહોંચાડવો જોઇએ. આ સમયે ન ક્રૂર શબ્દો કહેવા જોઇએ ન અતિશય ક્રોધપૂર્ણ પરિહાસ કરવો જોઇએ. નાયિકાએ પોતાની દશાનું વર્ણન અશ્રુપૂર્ણ વચનો દ્વારા કરવું જોઇએ. (શ્લોક ૨૭૫-૨૭૬)

નાયિકાએ પોતાની આ દશાને હાથની વચલી આંગળીને અંગૂઠાથી સ્પર્શ કરી, બંનેના ટેરવા જોડી, હાથને છાતી ઉપર રાખી, આંખો ઉપર ઉઠાવી વારંવાર જોઇ પ્રદર્શિત કરવી જોઇએ. આ સમયે હાથ કમર પર રાખી, ગોળ ફરતાં, અંજલિ મુદ્રા બનાવી, મસ્તક ઝુકાવી નીચે જોતાં ઉભા રહેવું જોઇએ. અવહિત્થ ભાવથી નિકાળી આંગળીઓ મરોડી,

સુંદરતાપૂર્વક તર્જના કરી અનુનય વિનયનો ઉપર્યુંક્ત ભાવો વડે અભિનય કરવો જોઇએ.
( શ્લોક ૨૭૭ થી ૨૭૯ )

વળી 'રૂડા દીસો છો (બહુ સારા લાગો છો !)' 'તેને પ્રિય છો તો જાઓ, વાર શું કામ લગાડો છો ?, 'મને અડયા તો ખબરદાર ! તમારા હૃદયમાં બેઠી છે તેની પાસેજ જાઓ' વિગેરે વચન પ્રયોગ કરી બીજી તરફ ફરી જવું જોઇએ. આ વખતે નાયિકાને મનાવવા નાયક તેનો પાલવ, હાથ અથવા મસ્તકને બળપૂર્વક ધારણ કરે તો તેનો અપરાધ જોઇ નાયિકાએ તેનું પ્રસાદન કરવું જોઇએ. (શ્લોક ૨૮૦-૨૮૨)

જો નાયક, નાયિકાની પાસે પહોંચી તેના હાથ વસ્ત્ર અથવા કેશ ગ્રહણ કરે તો સમીપ આવી સ્વયં ધીરેથી તે છોડાવવા જોઇએ. જ્યારે બળપૂર્વક કેશ, હાથ અથવા વસ્ત્ર ધારણ કરે - ગ્રહણ કરે તો નાયિકાએ તેના સ્પર્શનો લાભ લઇ એવી રીતે હાથ, વસ્ત્ર અને કેશ છોડાવવા જોઇએ કે નાયકને તેની ખબર પણ ના પડે. (શ્લોક ૨૮૩-૨૮૪)

નાયિકાએ પોતાના કેશને પોતાના પ્રિયતમના હાથમાંથી પહેલાં પોતાના પગના અગ્રભાગથી સ્થિત થઇ તથા અંગોને ઝુકાવતા ધીરેથી છોડાવવા જોઇએ, પછી અલવકાત્ના (અપકાન્તા) ચારીના પ્રદર્શન દ્વારા તેનો અભિનય કરવો જોઇએ. ઉદ્યમ કરવા છતાં કેશ ના છૂટે તો તેના સ્પર્શથી થોડો સ્વેદ પ્રગટ કરતાં 'હં હં છોડો' 'આઘા ખસો' વિગેરે વચનો કહેવાં જોઇએ. ( શ્લોક ૨૮૫-૨૮૬)

નાયિકાના 'આઘા ખસો' એવા રોષપૂર્ણ વચનો સાંભળી નાયકે પહેલાં થોડા દૂર જતાં રહેવું જોઇએ. અને પછી પાછા ફરી નાયિકા સાથે કોઇ અર્થવશ સંભાષણનો પ્રારંભ કરવો જોઇએ. નાયિકાએ હાથ પછાડતાં 'હુંકાર' કરવો જોઇએ અને આ હસ્તપ્રતિષેધ સમયે તેણે નાયક સાથે કોઇ બહાને અથવા શપથ લઇ સંભાષણ કરવું જોઇએ.
(શ્લોક ૨૮૭-૨૮૮)

જો નાયિકાનો પાલવ નાયક ગ્રહણ કરે તો તેણે પાછળથી આવી આલિંગન કરવું જોઇએ અને વસ્ત્રો ~~અને વસ્ત્રો~~ બેયે તો નીવી માત્રનું આચ્છાદન કરવું જોઇએ. નાયિકાએ નાયકને ત્યાં સુધી તંગ કરવો જોઇએ જ્યાં સુધી તે પગે ના પડે. તેના પાદ પતન પછી

તેણે દૂતી સામે જોવું જોઇએ. ત્યારે નાયિકાએ નાયકને આલિંગન આપવું જોઇએ અને પછી રતિનો આનંદ માણવા શયનાભિમુખ થવું જોઇએ. આ સર્વ ભાવો ગીત તથા સુકુમાર નૃત્ય સાથે મંચ ઉપર દર્શાવવા જોઇએ. (શ્લોક ૨૮૯ થી ૨૯૧)

ભરતમુનિ જણાવે છે તેમ જ્યારે કોઇ નાટકમાં 'આકાશ-ભાષિત' કોઇ અન્ય વ્યક્તિના કથન ઉપર નિર્ભર હોય કે જે શૃંગારરસ પ્રણયવૃત્ત અથવા રતિસંભોગનો વિધાયક હોય તો તેનો નાયિકા દ્વારા તે પ્રમાણે અભિનય થવો જોઇએ.

(શ્લોક ૨૯૨ - ૨૯૩ )

નાટકમાં અંત:પુરમાં થનાર કાર્ય અથવા શૃંગાર રસથી યુક્ત કોઇપણ વાત હોય તેનો નિયમાનુસાર અભિનય કરવો જોઇએ. (શ્લોક ૨૯૪)

## સંબોધન પ્રકાર

પ્રાચીન નાટકોમાં જુદા જુદા ગુણોવાળા નાયકોને જુદા જુદા સંબોધનથી બોલાવવાની પ્રથા હતી. નાયિકા દ્વારા થતા આ સંબંધનો મુખ્યત્વે બે પ્રકારના હતાં - પ્રિય તથા અપ્રિય.

પ્રિય ! કાન્ત ! વિનીત ! નાથ ! સ્વામી ! જીવિત ! નંદન ! વિગેરે નાયિકાની આનંદાવસ્થામાં યોજાતાં સંબોધનો પ્રિય પ્રકારના છે.

આ બધા વિવિધ સંબોધનો ને યોગ્ય વિવિધ નાયકનાં લક્ષણો ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં અને તેને અનુસરીને શારદાતનયે ભાવપ્રકાશનમાં નિરુપ્યા છે.

## નાયિકાની પ્રતિકર અવસ્થામાં નાયક પ્રતિ સંબોધન શબ્દ

નાટ્યશાસ્ત્રના 'સામાન્ય અભિનય' અધ્યાય અંતર્ગત ભરતમુનિ નાયિકા દ્વારા સંયોગાવસ્થા અથવા પ્રીતિ અવસ્થામાં જે શબ્દોનો પ્રયોગ, સંબોધન હેતું કરવામાં આવે છે તે નીચે પ્રમાણે હોવાનું જણાવે છે. (૧) પ્રિય (૨) કાન્ત (૩) વિનીત (૪) નાથ (૫) સ્વામી (૬) જીવિત તથા (૭) નન્દન. (અધ્યાય ૨૪ શ્લોક ૩૦૧-૩૦૨)

શારદાતનયના મત પ્રમાણે નાયિકા, નાયકને પ્રણયી, દયિત, કાન્ત, નાથ, સ્વામી, પ્રિય, સુહૃત, નન્દન, જીવિતેશ, સુભગ તથા રુચિર નામથી પ્રીતિ અવસ્થામાં બોલાવે છે.

(ભા.પ્ર.અધિકાર ૫/ શ્લોક ૧૫)

## પ્રિય

ભરતમુનિ જણાવે છે તેમ કંઇ અપ્રિય ન કરનાર કે બોલનાર તથા સરળ મૃદુ આચરણવાળા નાયકને નાયિકાએ 'પ્રિય' કહીને સંબોધવો જોઇએ.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૦૪)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક સત્યવાણી તથા સરળ રીતથી ઉપકાર કરતો તથા પ્રિય બોલતો સ્વયં નાયિકાની સેવા કરે છે તે નાયિકાને પ્રિય હોય છે.

(ભા.પ્ર. ૫/ શ્લોક ૨૧)

## કાન્ત

ભરતમુનિના કથન અનુસાર જે નાયકના હોઠ અથવા શરીર ઉપર અન્ય સ્ત્રી સાથેના સમાગમનું ચિહ્ન ન જણાતું હોય તેને નાયિકાએ 'કાન્ત' કહી સંબોધવો જોઇએ.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૦૫)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક સર્વદા સુંદર કથાઓ કહી, ઇચ્છુક ભોગ તથા ઉપચારો વડે નાયિકા સાથે રમણ કરે છે તે કાન્ત કહેવાય છે. ભરતમુનિએ 'કાન્ત' માટે જે લક્ષણ નિરુપ્યું છે તે શારદાતનયે 'સુભગ' નાયક માટે નિરુપ્યું છે. જેમ કે 'જે નાયકમાં સપત્ની દ્વારા કરવામાં આવેલા નખ તથા દન્ત વિગેરેનાં ચિન્હો જણાતાં નથી તથા જે નાયિકાના ઇર્ષ્યા માનને ભુલનારો હોય તે 'સુભગ' કહેવાય છે.

(ભા.પ્ર. ૫/૧૮ તથા ૨૫ )

## વિનીત

ભરતમુનિના જણાવ્યા અનુસાર કઠોર શબ્દ ન બોલનાર તથા ક્રોધ પમાડયા છતાં શાંત રહેનાર નાયકને, નાયિકાએ 'વિનીત' કહી સંબોધવો જોઇએ.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૦૬)

શારદાતનયના મત પ્રમાણે વિનીત નાયકનું લક્ષણ 'ભાવપ્રકાશન'માં નિરુપાયું નથી. તેની જગ્યાએ પ્રણયી, દયિત, સુભગ, રુચિર એવા સંબોધન પ્રકારો મળે છે. જેની ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

નાથ

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે સ્નિગ્ધ, માન અને મત્સરહીન, રક્ષક તથા સર્વ પ્રકારના કાર્યોમાં ચતુર નાયકને નાયિકાએ 'નાથ' કહી સંબોધવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૩૦૭) નાટ્યશાસ્ત્રની કેટલીક પ્રતોમાં આવાં લક્ષણવાળા નાયકને 'સ્વામી' કહી સંબોધવો એવો પાઠ પણ મળે છે.

સ્વામી

ભરતમુનિના કથન અનુસાર જે નાયક સામ, દાન, અર્થ, સંભોગ, તથા લાલન પાલન દ્વારા નાયિકાનું સેવન કરતો હોય તેને 'સ્વામી' કહી સંબોધવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૩૦૮) નાટ્યશાસ્ત્રની કેટલીક પ્રતોમાં આવાં લક્ષણવાળા નાયકને 'નાથ' કહી સંબોધવો એવો પાઠ મળે છે. શારદાતનયે પણ આવા લક્ષણોવાળા નાયકને 'નાથ' કહયો છે. જેમ કે 'જે નાયક સદા સામ (પ્રિયવચન) દાન (ભૂષણ વિતુંદાન) રુપ સંભોગથી નાયિકાને લાડ પ્યાર કરી તેનું એકાંતમાં સેવન કરતો હોય તે 'નાથ' કહેવાય છે. (ભા.પ્ર. ૫/૧૯ )

શારદાતનયે 'સ્વામી'નું લક્ષણ આ પ્રમાણે નિરુપ્યું છે. ' જે નાયક પ્રેયસીના-નાયિકાના - અકૃત્યને અટકાવી, કર્તવ્ય પરત્વે રુચિ ઉત્પન્ન કરી, સ્વભાવમાં સ્થાપિત કરે છે તે સ્વામી કહેવાય છે. ( ભા.પ્ર. ૫/૨૦)

જીવિત

ભરતમુનિના કથન અનુસાર જે નાયક નાયિકાના મનમાં આવેલા વિચારોને જાણી લઇને તેની ઇચ્છાને અનુકૂળ થઇ શયનક્રિયા તથા સંભોગ કરે તે નાયકને 'જીવિત' કહી સંબોધવો જોઇએ. (૨૪/૩૦૯)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક અભીષ્ટ લીલા અને અભીષ્ટ શયન, આસન તથા ભોજન વડે નાયિકાનું સેવન કરે છે તે 'જીવિતેશ' કહેવાય છે. (ભા.પ્ર.૫/૨૪)

## નન્દન

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે જે નાયક કુલીન, નીતિમાન, દક્ષિણ, ઉદાર, વાગ્વિશારદ, અર્થાત સંભાષણચતુર તથા સખીઓ દ્વારા પ્રશંસનીય હોય તેને 'નન્દન' કહી સંબોધવો જોઇએ. (૨૪/૩૧૦)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક સૌજન્યથી ઉત્પન્ન ગુણો વડે સખીઓમાં પ્રશંસાપાત્ર થઇ પડે છે તથા જે પ્રિયાની પ્રશંસા કરી આનંદ માણે છે તે 'નન્દન' કહેવાય છે. (ભા.પ્ર. ૫/૨૩)

શારદાતનયે ભરતમુનિએ નિરુપેલા સંબોધન પ્રકાર નિરુપ્યા પછી વધારાના સંબોધન પ્રકારો પણ વર્ણવ્યા છે. જે આ પ્રમાણે છે. (૧) પ્રણયી (૨) દયિત (૩) સુહૃત (૪) રુચિર. તેના લક્ષણો નીચે પ્રમાણે છે.

## પ્રણયી

શારદાતનયના કથન અનુસાર જે પર્વત, ઉદ્યાન, તથા વન વિગેરે સ્થળોએ, સખીઓ વચ્ચે પ્રવેશી નાયિકાને પ્રસન્ન કરી, તડકો કોઇથી કલુષિત થાય છે તે નાયક 'પ્રણયી' કહેવાય છે. ( ભા.પ્ર. ૫/૧૬)

## દયિત

શારદાતનયના કથન પ્રમાણે જે વાસ, અંગરાગ તથા માળા વિગેરે પ્રસાધનો વડે નાયિકાને એકાંતમાં પ્રસન્ન કરી પ્રસન્ન થાય છે તે નાયક 'દયિત' કહેવાય છે. (ભા.પ્ર. ૫/૧૭)

## સુહૃત

શારદાતનયના જણાવ્યા પ્રમાણે જે હિતાન્વેષી નાયક દુઃખ, વિપત્તિ તથા સંમોહમાં અને કાર્યકાળ સમાપ્ત થવા છતાં નાયિકાનું હિત જાળવે તે નાયક 'સુહૃત' કહેવાય છે. (ભા.પ્ર.૫/૨૨)

## સુજન

શારદાતનયના જણાવ્યા પ્રમાણે જે હિતાન્વેષી નાયક દુ:ખ, વિપત્તિ, તથા સંમોહમાં અને કાર્યકાળ સમાપ્ત થવા છતાં નાયિકાનું હિત જાળવે તે નાયક 'સુજન' કહેવાય છે. (ભા.પ્ર.૫/૨૨)

## રુચિર

શારદાતનયના મતાનુસાર જે નાયકની ભોગમાં અભિરુચિ હોય તે ભૂષણ વિગેરેના દાન વડે નાયિકામાં રુચિ ઉત્પન્ન કરી, રુચિપૂર્વક પ્રિયા સાથે - નાયિકા સાથે રમણ કરે છે તે નાયિકા રુચિર કહેવાય છે. (ભા.પ્ર. ૫/૨૬)

## નાયિકાની રોષપૂર્ણ અવસ્થામાં નાયક પ્રતિ સંબોધન શબ્દ

નાયિકાની રતિપ્રીતિકર અવસ્થામાં પ્રયોજાતા સંબોધન શબ્દો નિરુપ્યા પછી ભરતમુનિ નાયિકાની અપ્રીતીકર અર્થાત રોષપૂર્ણ અવસ્થામાં નાયક પરત્વેના સંબોધન શબ્દો આ પ્રમાણે નિરુપે છે. (૧) દુ:શીલ (૨) દુરાચાર (૩) શઠ, (૪) વામ (૫) વિરુપક (૬) નિર્લજ્જ તથા (૭) નિષ્ઠુર (અધ્યાય ૨૪/૩૦૩ તથા ૩૧૧)

શારદાતનયના મત પ્રમાણે વામ, વિરુપ, દુ:શીલ, નિર્લજ્જ, નિષ્ઠુર, શઠ, ધૃષ્ટ તથા દુરાચારી - નાયકોના નામ આ નામ નાયિકાઓ દ્વારા કોપમાં પ્રયોજાય છે. (ભા.પ્ર. ૫/૨૭)

## દુ:શીલ

ભરતમુનિના કથન અનુસાર જે નાયક નિષ્ઠુર, અસહિષ્ણુ, માની, ધૃષ્ટ, વિકત્થન અર્થાત શેખીખોર અને જડબાતોડ જવાબ આપનાર હોય તેને દુ:શીલ સમજવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૩૧૨)

શારદાતનયના મત પ્રમાણે જે કામોદ્વેગની અસહિષ્ણુતાને કારણે ક્રોધ કરતો હોય, વાચ્ય-અવાચ્યને ન જાણતો હોય તથા દેશ અને કાળને ન જાણતો હોય તે દુ:શીલ કહેવાય છે. ( ભા.પ્ર.૫/૩૦)

## દુરાચાર

ભરતમુનિના કથન અનુસાર જે વગર વિચારે સ્ત્રીને મારે અથવા બાંધે અને તીખાં વેણ બોલે તેને 'દુરાચાર' સમજવો જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૩૧૩)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક દોષ ન હોવાં છતાં પણ અવિશ્વાસ આચરી નાયિકાને પીટે અથવા બાંધે તે દુરાચાર કહેવાય છે. (ભા.પ્ર.૫/૩૫)

## શઠ

ભરતમુનિના કથન અનુસાર સારી સારી વાતો કરીને તેથી વિરુધ્ધ આચરણ કરનારને - એક કહી અન્ય વસ્તુ કરનાર નાયકને શઠ કહેવો.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૧૪)

શારદાતનયના મત પ્રમાણે જે સામે મીઠી મીઠી અને સાચી વાતો કરે અને પીઠ પાછળ અપ્રિય બોલે તથા રહસ્યની વાત કહી દે તે 'શઠ' હોય છે. (ભા.પ્ર.૫/૩૩)

## વામ

ભરતમુનિના કથન અનુસાર મના કરવા છતાં તેને તે કામ ફરી ફરી કરનારને અથવા જણાવ્યું હોય તેથી ઉલટું કરનારને વામ કહેવો. (અધ્યાય ૨૪ શ્લોક ૩૧૫)

શારદાતનયના મત પ્રમાણે નાયકને જ્યાં જ્યાં કોઇ વિષયમાં રોકવામાં આવે અને કોઇ વિષયમાં નિયુક્ત કરવામાં આવે ત્યાં ત્યાં તે વિપરીત કાર્ય કરે અર્થાત જ્યાં રોકવામાં આવે ત્યાં નિયુક્ત થાય અને જ્યાં નિયુક્ત કરવામાં આવે ત્યાંથી નીકળી જાય તે નાયક 'વામ' કહેવાય છે. (ભા.પ્ર.૫/૨૮)

## વિરુપ

ભરતમુનિના કથન અનુસાર જે નાયક તાજા નખક્ષત ચિન્હોથી યુક્ત થઇ પોતાની નાયિકાના રુપનો પ્રશંસક અને અભિમાની હોય તથા સ્તબ્ધ રહેતો હોય અથવા સ્ત્રીના સૌભાગ્યનો શેખીખોર હોય તેને વિરુપ સમજવો. (અધ્યાય ૨૪ /શ્લોક ૩૧૬)

શારદાતનયના મત પ્રમાણે જે અરસ અંગોને નખ તથા દન્તથી ઘા કરી શિથિલ કરી દે તથા તે તે પ્રસંગની વિપરીત કથાના શ્રવણથી માન ન કરે તે વિરુપ કહેવાય છે. (ભા.પ્ર.૫/૨૯)

## નિર્લજ્જ

ભરતમુનિના કથન અનુસાર વાર્યા કે તિરસ્કાર કર્યા છતાં જે સમજે જ નહિ તથા અપરાધી થઇ આવેલો (અન્ય સ્ત્રી પાસે જઇ આવ્યાનાં ચિહ્નવાળો) હોય તેને નિર્લજ્જ કહેવો. (અધ્યાય ૨૪/૩૧૭)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક પરુષ (કઠોર) વચન તથા અપમાન વડે વારંવાર રોકવા છતાં તથા અપરાધ નકરવા છતાં પ્રિયા સાથે ગમન કરે તે 'નિર્લજ્જ' કહેવાય છે. (ભા.પ્ર. ૫/૩૧)

## નિષ્ઠુર

ભરતમુનિના કથન અનુસાર નાયિકાને પ્રસન્ન કરવાની આવડત વિનાનો છતાં રતિસુખની માગણી કરનારો તથા અપરાધી હોય તેને નિષ્ઠુર કહેવો. (અધ્યાય ૨૪ શ્લોક ૩૧૮)

શારદાતનયના મત પ્રમાણે જે નાયક વારંવાર અપરાધ કરવા છતાં પણ નાયિકાની પ્રસન્નતાથી પરાઙ્મુખ થઇ બળાત્કારથી તેની સાથે રતિક્રિડા કરવાની ઇચ્છા કરે તે નિષ્ઠુર કહેવાય છે. (ભા.પ્ર.૫/૩૨)

શારદાતનય ઉપરોક્ત સંબોધન ભેદ ઉપરાંત 'ધૃષ્ટ' સંબોધન ભેદ પણ નિરુપે છે.

## ધૃષ્ટ

શારદાતનયના મત પ્રમાણે જે નાયક અન્ય સ્ત્રી સાથે સંભોગ કરવાને લીધે અપરાધી બન્યો હોય છતાં સોગન ખાઇ પોતે કરેલ અપરાધ નકારે અને વારંવાર એમ કહે 'સોગન ખાઇને કહું છું મેં એમ નથી કર્યું' તથા જે અન્ય સ્ત્રી સાથેના સંભોગના ચિન્હો ધરાવતો હોય તે ધૃષ્ટ કહેવાય. (ભા.પ્ર.૫/૩૪)

સંબોધન ભેદ વિવરણના અંતે ભરતમુનિ જણાવે છે કે શબ્દોના આ પ્રયોગ છે જેને જાણી-સમજી 'પ્રિય' અથવા 'અપ્રિય' શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. વિભિન્ન અવસ્થાઓમાં આમાંથી અનુકૂળ અથવા પ્રતિકૂળ કોઇ પણ શબ્દનો અનુકૂળ અથવા પ્રતિકૂળ દશામાં પ્રયોગ કરી શકાય છે. શૃંગાર રસની કોઇ પણ વસ્તુને શબ્દો દ્વારા પ્રગટ કરવા માટે તથા સુકુમાર નૃત્ય અને ગતિમાં પણ આ વિધાન રહે છે. વળી અંત:પુરના વિષયમાં પ્રયોજનના અભિનય માટે પણ આજ નિયમ છે. (અધ્યાય ૨૪ શ્લોક ૩૧૯ થી ૩૨૧) એમ જણાવી ભરતમુનિ 'દિવ્યાંગના (અપ્સરા) નાયિકા સાથેનો વ્યવહાર' નિરુપે છે.

## દિવ્યાંગના નાયિકા સાથે વ્યવહાર

ભરતમુનિના કથન અનુસાર દિવ્યાંગના અર્થાત્ અપ્સરાઓનો વેશ સદાય ઉજ્જ્વળ હોય છે, તેમનું મન સદા પ્રમુદિત તથા તેમનો સમય સુખ તથા લલિતક્રીડાઓમાં વ્યતીત થાય છે. દિવ્ય પુરુષ પાત્રો અર્થાત્ દિવ્ય નાયક અને દિવ્યાંગના અર્થાત અપ્સરા નાયિકા વચ્ચે શૃંગારની અપેક્ષા ન હોવાથી તેમના વચ્ચે ઇર્ષ્યા, ક્રોધ, પ્રસાદનનો વ્યવહાર નિરુપવામાં આવતો નથી. (અધ્યાય ૨૪ શ્લોક ૩૨૨-૩૩૩)

પરંતુ જ્યારે કોઇ દિવ્યાંગનાનો માનવ-નાયક સાથે સંયોગ દર્શાવવા અભિષ્ટ હોય ત્યારે માનવોચિત સર્વ કાર્ય, ચેષ્ટા તથા ભાવનું નિરુપણ થવું જોઇએ. જ્યારે કોઇ દિવ્યાંગના (અપ્સરા) સ્વર્ગમાંથી શાપને કારણે અથવા પુત્રપ્રાપ્તિ માટે પૃથ્વી ઉપર આવે તો શૃંગાર રસને ઉપર્યુક્ત પ્રકાર વડે માનુષ નાયક સાથે સંયોગ દર્શાવી શકાય.
(શ્લોક ૩૨૪ તથા ૩૨૫)

દિવ્યાંગના નાયિકા અદૃશ્ય રહીને પણ માનુષ નાયકને પોતાના પુષ્પો, ઘરેણાંના ઝણકારથી લોભાવે તથા પ્રગટ થઇ પોતાની ઝલક દેખાડી ફરી પાછી અદૃશ્ય થઇ જાય. તેમના દ્વારા કોઇ પણ નાટ્યકૃતિમાં વસ્ત્ર, આભરણ, પુષ્પમાળાઓ તથા લેખ (પત્ર) વિગેરેના પ્રેષણ દ્વારા તથા આ પ્રકારના અન્ય ઉપચારો વડે નાયકના કામોન્માદને ધીરે ધીરે વધારવો જોઇએ. ઉન્માદથી પ્રકૃષ્ટ કામ અતિશય આનંદદાયી અને જે કામભાવ

સ્વાભાવિકપણે પ્રાપ્ત થાય તે અતિશય આહ્લાદક હોતો નથી. મનુષ્યના જે ભાવ, જે ગતિ તથા જે ચેષ્ટાઓ હોય તેને મનુષ્ય સાથે રહેનારા દિવ્ય પાત્રો દ્વારા પણ તેવીજ રીતે દર્શાવવા જોઇએ. (અધ્યાય ૨૪ શ્લોક ૩૨૬ થી ૩૨૯)

'સામાન્ય અભિનય' અધ્યાય અંતર્ગત અંતઃપુરમાં થતા રાજોપચાર નિરુપ્યા પછી 'વૈશિક ઉપચાર' અધ્યાયમાં બાહ્યોપચાર વર્ણવતા ભરતમુનિ નાયક-નાયિકા યોગ નિરુપે છે.

## નાયક-નાયિકા યોગ (મિલન)

ભરતમુનિના કથન અનુસાર નાયક નાયિકાનું પ્રથમ મિલન કોઇ ઉત્સવ સમયે, રાત્રે, ઉદ્યાનમાં, ધાત્રીગૃહે, મિત્ર (સખી)ના ઘરે, નિમંત્રણ સ્થાને અથવા વ્યાધિ અર્થાત બીમારીના બહાને શૂન્યાગારમાં યોજવું જોઇએ. મિલન બાદ નાયકે પ્રથમ તો નાયિકા પોતાના પર અનુરક્ત છે કે વિરક્ત તે લક્ષણોના આધારે નક્કી કરી તદાનુસાર વ્યવહાર કરવો જોઇએ. ( અધ્યાય ૨૫ શ્લોક ૧૬ થી ૧૮)

શારદાતનયે ભાવપ્રકાશનમાં નાટ્યશાસ્ત્રનું અનુસરણ કરતાં જણાવ્યું છે કે ઉત્સવમાં, રાત્રિસંચારમાં, ઉદ્યાનમાં, પરિચિતના ઘરમાં, દૂતીના ઘરે, સખીના ઘરે, નિમંત્રણના સ્થળે, રોગના બહાને શૂન્ય ગૃહમાં નવીન અનુરાગવાળા નાયક નાયિકાનો પ્રથમ યોગ થવો જોઇએ.
(ચતુર્થ અધિકાર શ્લોક ૧૩૪)

## દૂતીકાર્ય

નાયક-નાયિકાના મિલનમાં દૂત કે દૂતી મહત્વનો ભાગ ભજવે છે કારણ એજ તેમના મિલનના યોજક હોય છે. તેમણે આ કાર્ય કેવી રીતે કરવું તેનું વિવરણ ખૂબ રસપૂર્વક ભરતમુનિએ 'વૈશિક ઉપચાર' અધ્યાયમાં કર્યું છે.

ભરતમુનિના કથન અનુસાર દૂતી કાર્યમાં કોઇ વિજ્ઞાનગુણ-સંપન્ના અર્થાત ગુણશાલિની ચતુર, કથિકા અર્થાત કથા કહેનારી, લિંગિની અર્થાત ભિક્ષુણી, રંગોપજીવના અર્થાત નટી અથવા રંજક સ્ત્રી, વિચક્ષણ જ્ઞાનવાળી, પ્રતિવેશ્યા, સખી, દાસી, કુમારી, કારુ

અર્થાત ધોબણ, શિલ્પિની અર્થાત ચિત્રકાર-ભાર્યા, ધાત્રી, પાખંડિની તથા ભવિષ્ય કથન કરનારી સ્ત્રીઓ (ઇક્ષણિકા) નિયુક્ત કરવી જોઇએ. (અધ્યાય ૨૫ શ્લોક ૯ તથા ૧૦)

એવી સ્ત્રી કે જે નાયક નાયિકાના પારસ્પરિક પ્રોત્સાહનમાં ચતુર હોય, જેના વચન મધુર હોય, કુશળ હોય (દક્ષિણા), કાલજ્ઞા અર્થાત સમયને ઓળખનારી, મનોહર અથવા આકર્ષક આયસ્સવાળી (લસહા) સંવૃત્તમન્ત્રા અર્થાત ગુપ્તરહસ્યોના રક્ષણમાં સક્ષમ હોય તેને દૂતી તરીકે નિમી શકાય. (શ્લોક ૧૧)

## દૂતીના નિષિદ્ધ ગુણ

ભરતમુનિના કથન અનુસાર બુદ્ધિમાન પુરુષે એવા દૂત કે દૂતી નિયુક્ત ન કરવા જોઇએ કે જે જડબુદ્ધિ, સુંદર, સમૃદ્ધ અથવા રુગ્ણ હોય. (શ્લોક ૧૨)

## દૂતીનું કાર્ય

દૂતીએ, અનેક કારણો દર્શાવતા તથા નાયકે કહેલા શબ્દો અક્ષરસઃ કહી તથા મીની અવસ્થાનું વર્ણવતા નાયિકાને પ્રણય માટે પ્રોત્સાહિત કરવી જોઇએ. તદ્ઉપરાંત નાયકના કુળ, ધન તથા ગુણના આધિક્ય વિશે વર્ણન કરતાં તેની પ્રશંસા કરવી જોઇએ અને પછી નાયકના ધામને બતાવી પ્રયોજન અથવા પારસ્પરિક મિલનના વિવિધ ઉપાયો બતાવવા જોઇએ. નવકામપ્રવૃત્તા અર્થાત કામથી અભિભૂત થઇ પ્રથમવાર પ્રિય સંગમમાં પ્રવૃત્ત થનારી અથવા નાયકથી ક્રુદ્ધ થનારી નાયિકા સાથે નાયકના મિલનને અનેક ઉપાયો દ્વારા દૂતીએ સંપન્ન કરવું જોઇએ. (અધ્યાય ૨૫ શ્લોક ૧૩ થી ૧૫)

સાહિત્યદર્પણ અનુસાર સખી, નટી, દાસી, ધાત્રીની કન્યા, પ્રતિવેશિની અર્થાત્ પડોશણ, બાળા, પ્રવ્રજિતા અર્થાત સંન્યાસિની કારુ અર્થાત ધોબણ, શિલ્પિની અર્થાત ચિત્રકારની પત્નિ અથવા નાયિકા સ્વયં દૂતીકાર્ય કરી શકે છે. (૩/૧૨૮) દૂતીના ગુણો, સાહિત્યદર્પણમાં આ પ્રમાણે નિરૂપવામાં આવ્યા છે. કળાઓમાં કુશળતા, ઉત્સાહ, સ્વામીભક્તિ, બીજાના અભિપ્રાયને સમજવો, સારી સ્મૃતિ, મધુર વાણી, ભાવભરી વક્રોક્તિ વિગેરેમાં

નિપુણતા, તથા વાગ્મિતા દૂતીનાં ગુણો છે. (૩/૧૨૯-૧૩૦) દૂતીઓ પણ ઔચિત્યથી ઉત્તમ, મધ્યમ અને અધમ હોઇ શકે એવું સાહિત્યદર્પણકાર જણાવે છે.

નાટ્યદર્પણ અનુસાર ધાત્રેયી, લિંગિની, પ્રતિવેશિકા, શિલ્પિની, ચેટિકા પ્રકારની સ્ત્રીઓ નાયક સાથે મિલન-કરાવવામાં નાયિકાને સહાયક નિવડે છે. આ બધા સ્ત્રીઓ ગુપ્તા અર્થાત્ રહસ્યને છુપાઇ રાખવામાં સમર્થ, દક્ષા અર્થાત દેશ, કાળ, આચાર વિગેરેને સમજી શકનારી, મૃદુ અર્થાત અહંકાર રહિત અને સ્થિરા અર્થાત ચંચળતા રહિત હોવી જોઇએ. (૪ /સુત્ર ૨૮૮ )

ભાવપ્રકાશન અનુસાર કથિની, લિંગિની, દાસી, કુમારી, કારુ, શિલ્પિની, આખંડિની, પ્રતિવેશ્યા, સખી, રંગોપજીવિની, ધાત્રેયિકા, પ્રેક્ષણિકા નાયક-નાયિકાની પરસ્પર દૂતીઓ હોઇ શકે છે. દીન, અર્થવાન, અતિ ચતુર અને જડ દૂત અથવા દૂતીને સંદેશ ક્યારેય આપવો ન જોઇએ. દેશ તથા કાળની જ્ઞાતા ભાષામાં મધુરતા, વિદગ્ધતા, પ્રોત્સાહનમાં પ્રૌઢતા, ગુપ્તમંત્રતા તથા યથોક્ત કથન દૂતના ગુણ હોય છે. દૂતીઓ દ્વારા નવીન અનુરાગવાળા અથવા માન આદિથી ઉત્પન્ન વિરહમાં અનેક ઉપાયો વડે નાયક આશ્રિત સમાગમ કરાવવો જોઇએ. (ચતુર્થ અધિકાર/શ્લોક ૧૩૦ થી ૧૩૩)

<u>નાયક-નાયિકા વચ્ચે રીસામણાં મનામણાં</u>

રિસાયેલી નાયિકાને નાયકે કેવા કેવા ઉપાયોથી ફરી વશ કરવી જોઇએ તેનું પણ નાટ્યશાસ્ત્રમાં વિવરણ થયેલું છે. નાયક-નાયિકા વચ્ચે રીસામણાં અથવા વિરાગ કેમ જન્મે છે તેના કારણોની સમીક્ષા કરતાં ભરતમુનિ જણાવે છે કે દરિદ્રતા, વ્યાધિ, સ્વભાવ, કઠોર શિક્ષાહીન અથવા અધ્યયનની ન્યૂનતા, પ્રવાસગમન, માન-અપમાન, અતિશય લોભ, સદાચારનું ઉલ્લંઘન, મોડેથી આવવું, પ્રતિકૂળ અથવા અનિષ્ટ વસ્તુના આચરણ અથવા સેવનને કારણે નાયક-નાયિકા વચ્ચે વિરાગ જન્મે છે. (અધ્યાય ૨૫ શ્લોક ૩૦-૩૧)

શારદાતનયના મત પ્રમાણે કુશતા, રોગ, શોક, પરુષતા, રૂપક્ષતિ, દોષ તથા નિન્દા શ્રવણથી બુદ્ધિનો નાશ, બુદ્ધિની વિપરીતતા, દેશ તથા કાળ વિના ગમન, વારંવાર

અપકાર વિગેરે કારણોને લીધે નાયક-નાયિકા વચ્ચે વિરક્તિ જન્મે છે. (ભા.પ્ર.૫/૭૮)

ભરતમુનિના મત અનુસાર રિસાયેલી નાયિકાને ફરીથી અનુકૂળ બનાવવા અથવા તેનું હૃદય પ્રસન્ન કરવા માટે નીચેના ઉપાયો યોજવા જોઇએ. (૧) ઉદ્દેશ્ય અથવા કારણ બનાવી દેવું - (વ્યાપાર ચેષ્ટિત) (૨) ધનનો પ્રસ્તાવ - (અર્થ પ્રદર્શન) (૩) ધન પ્રદાન કરવું (ઉપદાન) (૪) દૂત/દૂતીનો પરિત્યાગ (૫) ભાવોપક્ષેપ (અધ્યાય ૨૫ શ્લોક ૨૮-૨૯), ભાવોપક્ષેપનો આચાર્ય અભિનવગુપ્તે આ પ્રમાણે અર્થ કર્યો છે. - 'એષોઽન્યત્ર રાગીત્યન્યમુખેનાભિધાન ભાવાપક્ષેઃ । અર્થાત 'તારા વિરાગના કારણે અન્યત્ર અનુરક્ત હતો.' એવી (વિપરીત) વાતનું કથન ભાવોપક્ષેપ કહેવાય છે. એનાથી નાયિકા પ્રતિકૂળ ભાવ છોડી દે છે. પાઠાન્તરથી તેને અર્થાપક્ષેપ પણ કહે છે.

ભરતમુનિ જણાવે છે તેમ મદનના સંદર્ભમાં નાયિકાના હૃદયને અનુકૂળ બનાવવા માટે નાયકે એવા કાર્યો કરવા જોઇએ કે જેનાથી નાયિકા પ્રસન્ન થાય અને તે નાયકને ઉપલબ્ધ બને. નાયિકા જો લોભી હોય તો ધન આપીને, પંડિતા હોય તો કલા, જ્ઞાન તથા શાસ્ત્રજ્ઞાન બતાવીને, ચતુર નાયિકાને ક્રીડા દ્વારા અને પાઠભેદ અનુસાર પ્રગલ્ભતા દ્વારા, માનિની નાયિકાને તેની ઇચ્છાનુસાર આચરણ દ્વારા, અથવા ભૂષણોના પ્રદાન તથા શૃંગાર-વચનોના આરંભ દ્વારા, પુરુષ દ્વેષિણી નાયિકાને તેને મનપસંદ કથા કહીને, બાળાને ઉપકરણ આપીને, ભીરુ નાયિકાને આશ્વાસન દ્વારા, ગર્વિતા નાયિકાને પાદપતન દ્વારા તથા ઉદાત્ત ભાવવાળી નાયિકાને કલાવૈદગ્ધ્યના પ્રદર્શન દ્વારા અનુકૂળ અથવા પોતાને વશ કરી શકાય છે. (અધ્યાય ૨૫ શ્લોક ૩૨ થી ૩૫)

શારદાતનયના મત પ્રમાણે માનને કારણે ઉત્પન્ન વિરક્તિ હોય તો ખરા હૃદયથી મનાવવાથી અર્થાત હૃદયપૂર્વક અનુનય-વિનય કરવાથી નાયકનાયિકા વચ્ચે પુનઃરતિ જન્મે છે. (ભા.પ્ર.૫/૭૯)

ભરતમુનિના કથન અનુસાર નાયિકાઓની વિવિધ પ્રકૃતિ હોય છે તથા તેમનું

હૃદય પણ ગૂઢ હોય છે. આથી તેમને મનાવવા માટે તેમની ચેષ્ટાઓ ઉપરથી ભાવ-અભાવ અર્થાત્ અનુરાગ અને વિરાગ સમજી લઇ કામતંત્રમાં કહેલા ઉપાયો પ્રયોજવા જોઇએ. આ ઉપાયો છે (૧) સામ (૨) પ્રદાન (૩) ભેદ (૪) દણ્ડ (૫) ઉપેક્ષા.

દશરૂપક તથા ભાવપ્રકાશન અનુસાર કોપાયમાન નાયિકાને અથવા ઈર્ષ્યામાન નાયિકાને મનાવવાના ૬ ઉપાયો છે. (૧) સામ (૨) ભેદ (૩) દાન (૪) નતિ (૫) ઉપેક્ષા તથા (૬) રસાન્તર.

## સામ

ભરતમુનિના કથન અનુસાર સામ એટલે મધુર વચનથી વશ કરવું તે. જેમ કે નાયિકાને 'હું તારો છું , તું મને અત્યંત પ્રિય છે,' મારું જીવન તારે આધીન છે ' વિગેરે વચનો કહી વશ કરવી. (અધ્યાય ૨૫ શ્લોક ૬૭)

દશરૂપક તથા ભાવપ્રકાશન અનુસાર પ્રિયવચન બોલવાં તેને સામ કહે છે.
(૪/૬૨) તથા (૪/૬૬)

## પ્રદાન

ભરતમુનિના કથન અનુસાર પોતાના વૈભવ અનુસાર વખતો વખત આવશ્યકતા પ્રમાણે ધન આપવું તથા કોઇ બહાને ધન મોકલી આપવુ પ્રદાન કહેવાય છે.
(અધ્યાય ૨૫ શ્લોક ૬૮)

અભિનવગુપ્તના મત પ્રમાણે 'પ્રદાન' કોઇ વિશેષ કારણ ઉપસ્થિત થવાથી, પ્રસન્નતાપૂર્વક અથવા કષ્ટની દશામાં દશરૂપક તથા ભાવપ્રકાશન અનુસાર આભૂષણ, વસ્ત્ર ઇત્યાદિ આપી પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરવો તેને (પ્ર)દાન કહે છે.

## ભેદ

ભરતમુનિના કથન પ્રમાણે કોઇના દોષ એવી રીતે વર્ણવવા કે જેથી એમજ લાગે કે જાણે તેના ખરેખરા દોષ હોય તેને 'ભેદ' કહે છે. (અધ્યાય ૨૫ શ્લોક ૬૯)

દશરુપક તથા ભાવપ્રકાશન અનુસાર નાયિકાની સખીઓને પોતાના પક્ષે કરી લેવી ભેદ કહેવાય છે.

## દણ્ડ

ભરતમુનિના કથન અનુસાર બંધન, તાડન, ભય અથવા શિક્ષા દ્વારા વશ કરવું તે 'દણ્ડ' કહેવાય છે. (અધ્યાય ૨૫ શ્લોક ૬૯)

## ઉપેક્ષા

ભરતમુનિના કથન અનુસાર સામ, પ્રદાન, ભેદ તથા દણ્ડનો યથાક્રમ પ્રયોગ કરવા છતાં પણ જો નાયિકા વશ ન થાય તો બુદ્ધિમાન નાયકે તેની ઉપેક્ષા કરવી જોઇએ.

(અધ્યાય ૨૫ શ્લોક ૭૨)

દશરુપક તથા ભાવપ્રકાશન અનુસાર પગે પડી વશ કરવું તે નતિ. સામ વિગેરે ઉપાયો નિષ્ફળ જવાથી નાયિકાની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા તથા ડરાવવું, ધમકાવવું, હર્ષ વિગેરે દ્વારા કોપભંગ કરવો તેને રસાન્તર કહે છે.

મુખરાગ, નેત્ર તથા અંગ ચેષ્ટાઓ દ્વારા નાયિકા પોતાના મનના ઇષ્ટ, અનિષ્ટ તથા મધ્યસ્થ ભાવો પ્રગટ કરતી હોય છે (એટલે) જો નાયિકાની આંખોની કીકીઓ નાયકને જોઇને આનંદથી નાચવા લાગે અને આંખોની સાથે સાથે મુખ પણ સ્મિતને કારણે પ્રસન્ન જણાય તો (વિરામ) નાયિકા અનુરાગવતી થઇ છે એમ સમજવું જોઇએ અર્થાત રિસાયેલી નાયિકા માની ગઇ છે એમ માનવું જોઇએ એમ ભરતમુનિ જણાવે છે.

(અધ્યાય ૨૫ શ્લોક ૭૩ તથા ૭૬)

આમ ઉચિત ઉપચારો દ્વારા નાયિકા માની જાય ત્યારે તથા પ્રથમ સંયોગ પછી થોડા દિવસ પ્રતીક્ષા કરવાથી નાયિકામાં સ્થિત 'કામ'ના ઉદ્ભવનો અણસાર મળે છે. જેમ કાષ્ઠમાંથી અગ્નિ પ્રગટવો કાલાપેક્ષી હોય છે તેમ નાયિકામાં કામ પ્રજવલિત થવો પણ કાલાપેક્ષી હોય છે એવું ભરતમુનિનું વિધાન છે.

( અધ્યાય ૨૫ શ્લોક ૭૭ )

'વૈશિક ઉપચાર અધ્યાય' ના અંતે ભરતમુનિ જણાવે છે કે નાયક-નાયિકા વચ્ચેનો આ પરંપરાગત વ્યવહાર આવશ્યકતા પ્રમાણે નાટક તથા પ્રકરણ પ્રકારના રૂપકોમાં પ્રયોજવો જોઇએ. (અધ્યાય ૨૫ શ્લોક ૬૮)

## રંગમંચ પર નિષેધ

'સામાન્ય અભિનય' અધ્યાય અંતર્ગત, નાયક-નાયિકા વ્યવહારના સંદર્ભમાં ભરતમુનિ રંગમંચ પર વર્જિત એવાં કાર્યો નિરુપે છે જે તત્કાલીન સમાજની આદર્શ સ્થિતિનો સ્પષ્ટ સંકેત કરે છે.

ભરતમુનિના કથન અનુસાર નાયિકાની વિવિધ અવસ્થા તથા વ્યવહારનો અભિનય રજૂ કરતી વેળા તેમના દ્વારા અંગરચના અર્થાત્ વસ્ત્રધારણ, સ્નાન, ચંદનલેપન, અંજન, અંગરાગ તથા અધરરાગ ધારણ તેમજ કેશ સંયમન અર્થાત્ વાળ ગૂંથવા-બાંધવા રંગમંચ ઉપર દર્શાવવા ન જોઇએ. (૨૪/૨૪૦)

મુખ્ય નાયિકા તથા ઉત્તમ અને મધ્યમ પ્રકૃતિની પ્રમદાઓના અંગો અઢાંક્યા અથવા માત્ર એકજ વસ્ત્ર વડે ઢંકાયેલા દર્શાવવા ન જોઇએ તેમજ તેમના હોઠ રંગેલા દર્શાવવા ન જોઇએ. (૨૪/૨૪૧) જો કે રંગમંચ પર ઉપરોક્ત કાર્યો અધમ નાયિકાના સંદર્ભમાં તેમના સ્વભાવને કારણે દર્શાવી શકાય પરંતુ તે અશક્ય કે અશ્લીલ તો ન જ હોવાં જોઇએ. (૨૪/૨૪૨) દાસપુરુષ તથા દાસસ્ત્રીઓને નાટક પ્રકારના રૂપકભેદમાં રંગમંચ ઉપર કેવળ પુષ્પગ્રહણ તથા પુષ્પમાળા ગ્રહણ કરતાં દર્શાવવા જોઇએ. (૨૪/૨૪૩)

નાટ્યધર્મી શૈલીની રજૂઆતમાં ( નાટ્યધર્મી ) રંગમંચ ઉપર નાયક નાયિકાની શયનવિધિ દર્શાવવી ના જોઇએ પણ આવશ્યકતાના બહાના હેઠળ 'અંક' સમાપ્ત કરવો જોઇએ. (૨૪/૨૯૫)

જરૂર પડે ત્યારે પ્રયોજનવશ કોઇ પાત્ર પોઢેલું અથવા સહિત અર્થાત નાયક પોઢેલો અથવા નાયિકા સહિત શયનાવસ્થામાં દર્શાવી શકાય પણ ચુંબન, આલિંગન, અન્ય ગુહ્યકાર્યો રંગમંચ ઉપર દર્શાવવા ન જોઇએ. તેજ પ્રમાણે દન્તક્ષત, નખક્ષત, નીવી શિથિલ કરવી, ઓષ્ઠ તથા ઉરોજમર્દન પણ રંગમંચ માટે વર્જ્ય છે. (૨૪ /૨૯૬-૨૯૭ ) ભોજન, જળવિહાર તથા અન્ય લજ્જા ઉત્પાદક કાર્યો પણ રંગમંચ ઉપર દર્શાવવા ના જોઇએ કારણ કે પિતા, પુત્ર, સ્નુષા (સાસુ ) તથા શ્વસુર (વહુ) સાથે બેસીને નાટક જુએ છે એટલે અશ્લીલ દૃશ્યો પ્રયત્નપૂર્વક પણ દૂર રાખવા જોઇએ. (૨૪ /૨૯૮-૨૯૯ ) નાટ્યકારે એવા નાટકની રચના કરવી જોઇએ જેમાં મધુર શબ્દ તથા અધિક કઠોરતા રહિત શબ્દો હોય અને જેમાં હિતોપદેશ હોય. (૨૪/૩૦૦ )